ॐ

अष्टोत्तरशत (१०८) श्रुतिभगवतीए उच्चारीता.

श्री ईश्वरस्वरूपवर्णनमाला.

(गुजराती भाषान्तर सहिता.)

संग्रथिता.

श्रोत्रिय ब्रह्मनिष्ठ परमहंस परिव्राट्.

श्रीमत्स्वामिजी चिदानन्दजी महाराज.॥

जलाद्रक्षेत्स्थलाद्रक्षेद्रक्षेच्छीथलबन्धनात् ।
मूर्खहस्ते न दातव्यमिति वदति पुस्तकम् ॥

(હે પ્રિયજનો ! જલથી મારૂં રક્ષણ કરજો, સ્થલથી મારૂં રક્ષણ કરજો, શીથલ બંધનથી મારૂં રક્ષણ કરજો; અર્થાત્ જલથી મને ભિંજવશો નહિં, પૃથ્વી ઉપર જ્યાં ત્યાં મને મૂકશો નહિં, સ્વચ્છ અને સારા વસ્ત્રથી મને મજબુત બાંધજો; તથા મૂર્ખના હાથમાં આપવાજોગ્ય હું નથી; એમ પુસ્તક કહેછે.

नागेन्द्रहाराय त्रिलोचनाय भस्माङ्गरागाय महेश्वराय ।
नित्याय शुद्धाय दिगम्बराय तस्मै नकाराय नमः शिवाय ॥ १ ॥

શેષનાગના હારવાળા, ત્રણ (સૂર્ય, ચંદ્ર, અગ્નિ,) લોચનવાળા; ભસ્મ સમાન શ્વેત રંગવાળા, અથવા ભસ્મના લેપવાળા શરીરમાં પ્રીતિ- વાળા; મહાન્ ઇશ્વર, અવિનાશી, શુદ્ધ સ્વરૂપ, દિશારૂપી વસ્ત્રવાળા, નકાર સ્વરૂપ શિવ તેમને મારો નમસ્કાર હો. ૧

मन्दाकिनी सलिलचन्दनचर्चिताय नन्दीश्वर प्रमथनाथ महेश्वराय ।
मन्दारपुष्प बहुपुष्पसुपूजिताय तस्मै मकाराय नमः शिवाय ॥२॥

મંદાકિની ગંગાજીનાં જળ–ચંદનના લેપવાળા, નંદીશ્વર, કામદેવને દગ્ધ કરનાર, બ્રહ્મા વિષ્ણુ ઇંદ્રાદિ મોટા દેવાદિકના ઇશ્વર, મંદાર પુષ્પ અને બીજાં અનેક પુષ્પો વડે પૂજિત એવા મકાર સ્વરૂપ શિવ તેમને મારો નમસ્કાર હજો. ૨

शिवाय गौरीवदनाब्जवृन्द सूर्याय दक्षाध्वरनाशकाय ।
श्रीनीलकण्ठाय वृषध्वजाय तस्मै शिकाराय नमः शिवाय ॥ ३ ॥

કલ્યાણ સ્વરૂપ, પાર્વતીજીના મુખરૂપી કમલને પ્રફુલ્લિત કરનાર સૂર્ય સ્વરૂપ, દક્ષના યજ્ઞનો ભંગકરનાર, સમગ્ર ઐશ્વર્યવાળા, નીલકંઠ, અને વૃષભ (નંદિ)ના ચિન્હવાળી ધ્વજાવાળા, શિકાર સ્વરૂપ શિવ તેમને મારો નમસ્કાર હો. ૩

वसिष्ठकुम्भोद्भव गौतमार्य मुनीन्द्र देवार्चितशेखराय ।
चन्द्रार्कवैश्वानरलोचनाय तस्मै वकाराय नमः शिवाय ॥ ४ ॥

વસિષ્ઠ, કુંભોદ્ભવ (અગસ્ત્ય) ગૌતમ આદિ આર્ય મુનિવર્યવડે તથા દેવાદિ વડે પૂજિત છે મસ્તક જેનું એવા; અને ચંદ્ર, સૂર્ય તથા અગ્નિ જેનાં લોચન છે એવા વકાર સ્વરૂપ શિવ તેમને મારો નમસ્કાર હજો. ૪.

यक्षस्वरूपाय जटाधराय पिनाकहस्ताय सनातनाय ।
दिव्याय देवाय दिगम्बराय तस्मै यकाराय नमः शिवाय ॥ ५ ॥

ॐ

अष्टोत्तरशत (१०८) श्रुतिभगवतीए उच्चारीता.

श्री ईश्वरस्वरूपवर्णनमाला.

(गुजराती भाषान्तर सहिता.)

संग्रथिता.

श्रोत्रिय ब्रह्मनिष्ठ परमहंस परिव्राट्.
श्रीमत्स्वामिजी चिदानन्दजी महाराज.॥

प्रकाशक हरिजन मंडळ तरफथी.
दलाल. छोटालाल काळीदास तथा
सरैया. गोकळदास मोतीलाल.
मु. नडीआद.

अमदावादमां,
धी रत्नसागर प्रीन्टींग प्रेसमां शा. अमरतलाल
जेशींगभाईए छाप्युं.

आवृत्ति १ ली. किंमत अमुल्य. प्रत ५००
संवत १९७० सने १९१३

પ્રસ્તાવના.

આધુનીક કાલમાં પરમાત્માના સ્વરૂપ સબંધમાં અનેક વાદવિવાદ ચાલી રહ્યા છે, અને તેનાં ફળ ધર્મના અનેક મતવાડા બંધાઇ ધર્મની અને આસ્તિકતાની પાયમાલીજ દેખાય છે. સુજ્ઞ પાઠકજનો ! પરમાત્મા કોઇના બનાવ્યા સાકાર યા નિરાકાર બનવાના નથી; પરંતુ એ તો જેવા છે તેવાજ સદાકાળ રહે છે. એક વસ્તુ ઉપાધિ વશાત્ અનેક નામ ગુણ ક્રિયાવાળી દેખાય છે, તેમ પરમાત્મ વસ્તુ પણ માયા ઉપાધિ વશાત્ અનેક નામ ગુણ ક્રિયાવાળી દેખાય તેમાં જે વાદવિવાદ કરે તે પોતાનીજ અજ્ઞાનતાજ સૂચવે છે. એક બ્રાહ્મણ વિદ્યાપઠનથી પંડિત, વૈદકના ધંધાથી વૈદ, જ્યોતિષ્યના ધંધાની જ્યોતિષી, રસોઇના ધંધાથી પાચક એમ અનેક ધંધાની ઉપાધિથી ભિન્ન ભિન્ન નામવાળો કહેવાય છે; તેમ પરમાત્મા પણ ભિન્ન ભિન્ન ગુણ ક્રિયાવાળી માયાના સબંધથી ભિન્ન ભિન્ન નામવાળા કહેવાય તેમાં શો વાદવિવાદ ? નિરૂપાધિક એક શેર જળ કોઇના ઉપર ફેંકવાથી તે મનુષ્યને કોઇ હાની થતી નથી પણ તેજ જળ ઠંડકના બળથી બરફાકાર બન્યા પછી કોઇના ઉપર ફેંકવામાં આવે તો ભારે હાની કરે છે, અને તેજ બરફાકાર થએલું જળ તાપ અગ્નિના સંગથી જળ બન્યા પછી કોઇના ઉપર ફેંકવાથી હાની કરતું નથી; તેમ નિરૂપાધિક પરમાત્માનો એક અક્રિય છે; પરંતુ માયા અવિદ્યા વશાત્ અનેક નામ રૂપ ગુણ ક્રિયાવાળા થઇ અનેક લીલા દેખાડે છે તેથી સાકાર કહેવાય છે, અને તેજ માયા અવિદ્યા ઉપાધિવાળું ચેતન જ્ઞાન અગ્નિના સંબંધથી નામરૂપ ગુણક્રિયાને છોડી નિરૂપાધિક શુદ્ધ નિરાકાર બ્રહ્મ ચેતન ગણાય છે; અને તે અક્રિયજ રહેછે. આ પ્રમાણે કેવળ ઉપાધિ વશથી બનેલા સાકાર નિરાકાર પરમાત્માના સ્વરૂપમાં કોઇ પણ પ્રકારથી વિવાદ કરવાનો અવકાશજ નથી. કેમકે પરમાત્મા વાસ્તવ રૂપે તો અક્રિય, નિર્ગુણ, નિરાકાર, નિરવયવ, શુદ્ધ, જ્ઞાનસ્વરૂપજ છે, અને તેજ પરમાત્માથી માયાના સબંધ વશાત્ અનેક સંસારિક લીલા વિવર્તરૂપે ભાસે છે, પણ તે સર્વ મૃગ તૃષ્ણાના જળ સમાન કલ્પિત છે; અને પરમાત્માતો એક અદ્વિતીય, અખંડ, અવિનાશી, નિર્વિકાર, સચ્ચિદાનંદ સ્વરૂપ છે. એટલાજ હેતુથી ઉપનિષદોમાંથી પરમાત્માના સ્વરૂપને વર્ણન કરનારી શ્રુતિઓનો સંગ્રહ

કરી મુમુક્ષુજનોના હિતાર્થે આ **'શ્રી ઈશ્વરસ્વરૂપ વર્ણનમાલા'** ગૂંથવામાં આવેલી છે, માટે તેનો બ્રહ્મ જિજ્ઞાસુ અધિકારી સજ્જનો અમૂલ્ય લાભ લેઈ જીવન્મુક્તિ વિદેહ કૈવલ્ય મુક્તિ પૂર્વક અખંડ સચ્ચિદાનંદ સુખનો લાભ લેવા પ્રયત્ન કરશે તોજ અમો અમારો આ સ્વલ્પ પરિશ્રમ સફળ માનીશું.

સદા શુભેચ્છક.

સંગ્રથિતા.

અમૂલ્ય--સૂચના.

પરોપકાર પરાયણ સજ્જનો ! ! !

આપ સુજ્ઞ છો જેથી વિશેષ સમજાવવાની આવશ્યકતા નથી. આ પુસ્તકની પ્રથમાવૃત્તિ પ્રકાશકોએ વિનામૂલ્યે આપી તેનો ફેલાવો કરવાના ઉદ્દેશથી પ્રસિદ્ધ કરી છે, પણ કેટલાક ભાવિક વિવેકી પુરૂષો એવી પ્રકૃતિના હોય છે કે: તે પ્રમાણે પુસ્તક મંગાવતાં સંકોચાય છે; જેની સાથે એવી ગોઠવણ રાખી છે કે: જે સજ્જનને પરોપકારાર્થે કંઇ રકમ પોતાની શક્તિના પ્રમાણમાં આપવી હશે તો તે લેઇ તે ભેગી થએલી રકમનો ઉપયોગ આવાં સાર્વજનિક પુસ્તકોદ્વારા જ્ઞાનપ્રસાર કરવા શાએશે છે. જેથી કોઇની પ્રકૃત્તિને આનો લાભ લેવામાં સંકોચ રહેશે નહિં. આથી કોઇએ એમ સમજી લેવાનું નથી કે જે પુસ્તક મંગાવશે તેને કંઇ રકમ આપવીજ પડશે. પરોપકારાર્થે રકમ મોકલવી યા ન મોકલવી અને કેટલી મોકલવી તે પુસ્તક મંગાવનારની ઇચ્છાનુસાર છે. પરંતુ પુસ્તક મંગાવનારે ફક્ત પોસ્ટેજની રૂ. ૦-૦-૬ પાઇ તો અવશ્ય મોકલવી.

ઠે. સાંય પીપલી.
મુ. નડિઆદ.
જીલ્લે ખેડા (ગુજરાત.)

દલાલ. છોટાલાલ કાશીદાસ.
સરૈયા. ગોકળદાસ મોતીલાલ.

॥ ॐ ॥

॥ ग्रन्थपुष्पाञ्जलिसमर्पणम् ॥

श्रीमन्निरवद्य श्रोत्रिय ब्रह्मनिष्ठ सद्गुरु योगीन्द्र ब्रह्मविद्या मूर्त्ति श्रीमज्जानकीदासाख्यपरमहंस चरणाम्भोरुहेष्वभ्यर्थना॥

भवद्भिर्ममोपरि कृपयैव मे हृदि ये दुर्गुणा अभूवन् तेषां विनाशयित्वाऽमूल्यब्रह्मविद्याऽध्यापयित्वा चाखण्डानन्दाद्वैत-रूपं यदलाभलाभं तस्याऽऽविर्भावं कृतः। किञ्च भवन्तो गु-र्जरदेश निवास्यनेक मुमुक्षुजनोपरि देशाटन व्याजेनानुग्रहं कृ-त्वा येषां चेतसि यानि दुर्गुणादि व्यसनानि सन्ति तेषां दू-रीकारयित्वा यथायोग्यं नीति निष्कामधर्मकर्मोपासन ज्ञाना-दिनामुपदेशं कृत्वा च तेषां हृदि शान्ति कारयामासुः। त-द्भवदीयानुग्रहार्थं स्वल्पमपि प्रतीकारकर्तुमनेक जन्मपरम्परा-यामप्यहं न शक्नोमि। तदपि बालचेष्टयेमामीश्वर स्वरूपवर्ण-नमालानाम कामलपग्रन्थपुष्पाञ्जलिं भवत्पादपङ्कजेष्वनन्तको-टिशोनति पूर्वकं समर्पयामि। भवन्त स्तां कृपया स्वीकुरुत ॥

आषाढ शुक्लपक्षः १५ } भवदीय कृपाकाङ्क्षी

गुरुपूर्णिमा ॥ } चिदानन्दभिक्षुः ॥

॥ अभ्यर्थना ॥

असित गिरिसमं स्यात्कज्जलं सिन्धुपात्रे ।
सुरतरुवरशाखा लेखनी पत्रमुर्वी ॥
लिखति यदि गृहीत्वा शारदा सार्वकालं ।
तदपि तव गुणानामीश पारं न याति ॥ १ ॥

સિન્ધુ (મહાસાગર) રૂપી પાત્ર (ખડીયા) માં નીલગિરિ પર્વત સમાન કાજલની શાહી હોય, કલ્પવૃક્ષની ઉત્કૃષ્ટ શાખારૂપ કલમ હોય, પૃથ્વીરૂપ પત્ર (કાગળ) હોય, એ સર્વ ગ્રહણ કરીને કદાપિ સરસ્વતીજી સર્વકાલ (નિરંતર) લખે; તોપણ હે ઇશ્વર ! તહમારા ગુણોના પારને પામે તેમ નથી.

* * * * * * * * *

ॐ तत्सत्परमात्मने नमोनमः ॥

અષ્ટોત્તરશત (૧૦૮) શ્રુતિ ભગવતીએ ઉચ્ચારીતા.

॥ श्री ईश्वर स्वरूप वर्णनमाला ॥

(गुजराती भाषान्तर सहिता.)

॥ मङ्गलाचरणम् ॥

ॐ पूर्णमदः पूर्णमिदं पूर्णात्पूर्णमुदच्यते ।
पूर्णस्य पूर्णमादाय पूर्णमेवावशिष्यते ॥
ॐ शान्तिः शान्तिः शान्तिः ॥

આ તત્પદનો લક્ષ્યાર્થ જે માયારૂપ ઉપાધિથી રહિત બ્રહ્મ ચેતન છે, તે પૂર્ણ એટલે આકાશની પેઠે નિરતિશય વ્યાપક છે. આ ત્વં (જીવ) પદનો લક્ષ્યાર્થ જે અવિદ્યારૂપ ઉપાધિથી રહિત આત્મ ચેતન છે, તે પણ બ્રહ્મરૂપ હોવાથી પૂર્ણ એટલે નિરતિશય વ્યાપક છે. પૂર્ણાત્ એટલે કારણ બ્રહ્મ (માયા વિશિષ્ટ ચેતન) થી પૂર્ણ એટલે નામ રૂપાદિકની ઉપાધિ વાળું કાર્યબ્રહ્મ અધિક જાય છે, અર્થાત્ પૃથક્ જેવું પ્રતીત થાય છે, પણ પોતાનું જે પૂર્ણ બ્રહ્મસ્વરૂપ છે તેને ત્યજતું નથી. એવા જ્ઞાનનું આ ફળ છેઃ—પૂર્ણસ્ય એટલે કાર્યબ્રહ્મના અસ્તિ, ભાતિ, પ્રિયરૂપ પૂર્ણ ભાવને નામ એક રસ ભાવને સંપાદન કરીને જ્ઞાનવડે અવિદ્યાજનિત નામ રૂપાદિક ઉપાધિઓના સંસર્ગના તિરસ્કારપૂર્વક જ્ઞાનકાલમાં પૂર્ણ નામ તે પ્રજ્ઞાનઘનસ્વરૂપ—સચ્ચિદાનંદ-કેવળ બ્રહ્મજ અવશેષ રહે છે. "ૐ" એ શબ્દ સગુણનિર્ગુણાત્મક બ્રહ્મનો વાચક છે. "શાન્તિઃ"

એ પદના ત્રણવાર ઉચ્ચારણથી અધ્યયન કરનારાઓની આધ્યાત્મિકાદિ ત્રણ તાપોની નિવૃત્તિ કરવા માટે પરમકારૂણિક પરમાત્મા પ્રતિપ્રાર્થના છે.

(१) सदेव सौम्येदमग्र आसीदेकमेवाद्वितीयम् ॥

[छां० उ० प्र० ६ खं० २]

ઉદ્દાલક મુનિ પોતાના પુત્ર શ્વેતકેતુને એક અદ્વિતીય આત્મસ્વરૂપનો ઉપદેશ કરે છેઃ—હે પ્રિયદર્શન ! આ નામરૂપ અને ક્રિયાવાળું વિકારી જગત્ તેની ઉત્પત્તિની પૂર્વે સત્ (નિર્ગુણ, સૂક્ષ્મ, નિર્વિશેષ, નિત્ય, સર્વવ્યાપક, નિર્દોષ, નિષ્ક્રિય, શાંત, નિરંજન, નિરવયવ, અને જ્ઞાનરૂપ) જ હતું; એકજ (સજાતીય તથા સ્વગત ભેદથી રહિત) અદ્વિતીય (વિજાતીય ભેદથી રહિત) હતું.

आत्मा वा इदमेक एवाग्र आसीन्नान्यत्किंचनमिषत् ॥

[ऐत० उ०]

પ્રસિદ્ધ આ જગત્ તેની ઉત્પત્તિની પૂર્વે સજાતીય, વિજાતીય, અને સ્વગત ભેદથી રહિત એક આત્માજ હતું; તે સમયમાં બીજું કાંઇ પણ વ્યાપારવાળું નહોતું

यदन्यद्देवेभ्यश्च प्राणेभ्यश्च तत्सत् ॥ [कौषीतकि उप०]

જે દેવોથી અને પ્રાણોથી ભિન્ન છે, તેજ સત્ સ્વરૂપ છે.

(२) तदैक्षत बहुस्यां प्रजायेयेति । तत्तेजोऽसृजत ॥

[छां० उ० प्र० ६ खं० २]

તે સત્ સ્વરૂપ અદ્વિતીય બ્રહ્મ હું બહુ રૂપે થાઉં, નામ રૂપે વ્યક્ત થાઉં, એમ વિચારવા લાગ્યું; એવી રીતે સંકલ્પ કરીને તે સત્ આકાશ અને વાયુને રચીને તેજને રચતું હવું.

स ईक्षत लोकान्नु सृजा इति । स इमाँल्लोकानसृजत ॥

[ऐत० उप०]

તે સર્વવ્યાપક આત્મા હું લોકોને સૃજું, એમ વિચાર કરવા લાગ્યો. તે વિશ્વવ્યાપી આત્મા આ સર્વ લોકોને સૃજતો હવો.

(३) तस्माद्वा एतस्मादात्मन आकाशः संभूतः । आकाशाद्वायुः । वायोरग्निः । अग्नेरापः । अद्भ्यः पृथिवी । पृथिव्या औ-

पधयः । औषधीभ्योऽन्नम् । अन्नाद्रेतः । रेतसः पुरुषः ॥
[तैत्तिरीयोपनि०]

પ્રસિદ્ધ તે આ આત્મસ્વરૂપ બ્રહ્મથી આકાશ ઉપજ્યું. આકાશથી વાયુ, વાયુથી અગ્નિ, અગ્નિથી જળો, જલોથી પૃથિવી, પૃથ્વીથી ઓષધીઓ ઓષધીઓથી અન્ન, અન્નથી. વીર્ય. અને વીર્યથી પુરૂષ ઉત્પન્ન થાય છે.

एतस्माज्जायते प्राणो मनः सर्वेन्द्रियाणि च । खं वायुर्ज्योतिरापः पृथिवी विश्वस्य धारिणी ॥ [मुण्डकोपनिषत्०]

આ પુરૂષથી પ્રાણ, મન, અને સર્વે ઇંદ્રિયો તથા તેમના વિષયો ઉપજે છે; તથા આકાશ, વાયુ, અગ્નિ, જલો, અને સર્વને ધારણ કરનારી પૃથ્વી ઉત્પન્ન થાય છે.

(૪) भीषाऽस्माद्वातः पवते । भीषोदेति सूर्यः । भीषाऽस्मादग्निश्चेन्द्रश्च मृत्युर्धावति पञ्चम इति ॥ [तैत्तिरीयोपनि०]

આ બ્રહ્મના ભયવડે વાયુ વાય છે. આ બ્રહ્મના ભયવડે સૂર્ય ઉદય થાય છે. આ બ્રહ્મના ભયવડે અગ્નિ દહનાદિ કર્મ કરે છે, અને ઇંદ્ર ત્રિલોકનું રક્ષણ કરે છે તથા મેઘ વર્ષે છે; અને તે ચારની અપેક્ષાએ પાંચમો મૃત્યુ જેનું આયુષ ક્ષીણ થયું હોય એના પ્રાણપ્રતિ શીઘ્ર ગતિ કરે છે. ઇતિ......(કાઠકોપનિષત્‌માં પણ એમજ કહેલું છે.)

(૫) यतो वा इमानि भूतानि जायन्ते येन जातानि जीवन्ति यत्प्रयन्त्यभिसंविशन्ति तद्विजिज्ञासस्व तद्ब्रह्म ॥ [तैत्तिरीयोप०]

વરૂણનામા મુનિ પોતાના પુત્ર ભૃગુને બ્રહ્મનું સ્વરૂપ કહે છેઃ— જેનાથી પ્રસિદ્ધ આ સર્વ ભૂતો વિવર્તરૂપે ઉપજે છે, જે વડે ઉત્પન્ન થએલાં ભૂતો જીવે છે, અને જેમાં જઇને અભિન્નરૂપે પ્રવેશ કરે છે; તેને વિશેષપણે જાણવાની ઇચ્છા કર, તે બ્રહ્મ છે.

स वा एष महानज आत्माऽजरोऽमरोऽमृतोऽभयो ब्रह्म ॥
[बृ० उ०]

તે આ પ્રસિદ્ધ આત્મા મહાન્, અજન્મા, અજર, અમર, અમૃત, અભય, અને બ્રહ્મ સ્વરૂપ છે.

एष सर्वेश्वर एष भूताधिपतिः ॥ [बृह० उप०]

આ આત્મા સર્વનો ઇશ્વર, અને આ આત્મા સર્વ ભૂતોનો અધિપતિ છે.

यः सर्वज्ञस्सर्वविद्यस्यैष महिमा भुवि दिव्ये ब्रह्मपुरे ह्येष व्योम्न्यात्मा प्रतिष्ठितः ॥ (मुण्डकोपनिषत्०)

જે સામાન્યપણે સર્વને જાણનાર, અને વિશેષપણે સર્વને જાણનાર છે. જેનો લોકમાં જગતની ઉત્પત્તિ, સ્થિતિ, અને લય કરવારૂપ તથા સર્વને નિયમમાં પ્રવર્તાવવા રૂપ પ્રસિદ્ધ આ મહિમા છે; તે આ પ્રસિદ્ધ આત્મા પ્રકાશમાન્ હૃદયરૂપ બ્રહ્મપુર વિષે રહેલા આકાશમાં સ્થિત છે.

(૬) विज्ञान मानन्दं ब्रह्म ॥ (बृह० उप० अ० ३ ब्रा० ९)

વિજ્ઞાન સ્વરૂપ તથા આનંદરૂપ બ્રહ્મ છે.

आनन्दो ब्रह्मेति व्यजानात् ॥ (तैत्तिरीयोपनि०)

આનંદરૂપ બ્રહ્મ છે, એમ જાણતો હવો.

(૭) आनन्दाद्ध्येव खल्विमानि भूतानि जायन्ते । आनन्देन जातानि जीवन्ति । आनन्दं प्रयन्त्यभि संविशन्तीति ॥ (तैत्ति० उ०)

આનંદ સ્વરૂપ પરબ્રહ્મથીજ પ્રસિદ્ધ ભૂતો ઉત્પન્ન થાય છે, અને ઉત્પન્ન થએલાં આનંદરૂપ બ્રહ્મવડેજ જીવે છે; તથા પ્રલય કાલે આનંદ રૂપ બ્રહ્મ ભણી જાય છે, તથા તેમાં અભેદરૂપે પ્રવેશ કરે છે.

(૮) नैनमूर्ध्वं न तिर्यञ्चं न मध्ये परिजग्रभत् । न तस्य प्रतिमा अस्ति यस्य नाम महद्यशः ॥ (श्वे० उप० अ० ४ मं० १९)

આ ઇશ્વરને અપરિચ્છિન્નપણાથી, નિરંશપણાથી, અને નિરવયવ-પણાથી ઉપરમાં કોઇ પરિગ્રહણ કરી શકતું નથી; દિશાઓમાં અને ખુ-ણાઓમાં તેમજ મધ્યમાં પણ તેને કોઇ પરિગ્રહણ કરી શકતું નથી. અખંડ સુખાનુભવપણાથી તે ઇશ્વરની કોઇ ઉપમા નથી. જે ઇશ્વરનું નામ પરિપૂર્ણ યશ છે.

सर्वस्य प्रभु मीशानं सर्वस्य शरणं बृहत् ॥ (श्वे० अ० अ० ३)

તે પરમતત્વ સર્વ જગતનું સ્વામી, સર્વ જગતનું નિયંતા, સર્વની પરમગતિ અને સર્વનું શરણ છે.

य एतद्विदु रमृतास्ते भवन्ति ॥ (काठ० कप०)

જેઓ આ એક પરંબ્રહ્મને જાણે છે, તેઓ અમર થઈ જાય છે. (શ્વેતાશ્વતરોપનિષત્‌માં પણ એમજ કહ્યું છે.)

(९) यत्तदद्रेश्य मगाह्य मगोत्र मवर्ण मचक्षुःश्रोत्रं तदपाणि पादम् । नित्यं विभुं सर्वगतं सुसूक्ष्मं तदव्ययं यद्भूतयोनिं परिपश्यन्ति धीराः ॥ (मुण्डकोपनिषत्० १)

જે બ્રહ્મતત્ત્વ છે તે અદૃશ્ય, અગ્રાહ્ય, અગોત્ર, શ્વેતાદિરંગોથી રહિત અને ચક્ષુ તથા શ્રોત્રથી રહિત છે. તે પરમતત્વ હાથ પગથી રહિત, અવિનાશી, વિભુ, સર્વવ્યાપક, અને અતિ સૂક્ષ્મ છે. તે અવ્યય તથા જે બ્રહ્મતત્વ સર્વ ભૂતોનું કારણ છે, તેને વિવેકિ ધીર પુરૂષો સર્વ ભણીથી જુએ છે; એટલે સર્વના આત્મારૂપે દેખે છે.

(१०) स होवाचैतद्वै तदक्षरं गार्गि ब्राह्मणा अभिवदन्ति ॥ अस्थूल मनण्व ह्रस्व मदीर्घ मलोहित मस्नेह मच्छाय मतमोऽवाय्वनाकाश मसङ्ग मरस मगन्ध मचक्षुष्क मश्रोत्र मवागमनोऽतेजस्क मप्राण ममुख ममात्र मनन्तर मबाह्यं न तदश्नाति किञ्चन न तदश्नाति कश्चन ॥ (बृ० उ० अ० ३ ब्रा० ८ मं० ८)

પ્રસિદ્ધ તે યાજ્ઞવલ્કયમુનિ બોલ્યા:—હે ગાર્ગિ ! તે આ પ્રસિદ્ધ અક્ષર અવિનાશી શુદ્ધ બ્રહ્મને બ્રહ્મવિદ્ બ્રાહ્મણો આવી રીતે કહે છેઃ— તે અક્ષર બ્રહ્મ સ્થૂલથી ભિન્ન, અણુથી ભિન્ન, હ્રસ્વથી ભિન્ન, દીર્ઘથી ભિન્ન છે; તે રાતો નથી, ચીકાશવાળો નથી, અચ્છાય (અપ્રકાશથી ભિન્ન) છે, તે અંધકારથી રહિત, વાયુથી ભિન્ન, આકાશથી ભિન્ન, સંગ રહિત, રસથી ભિન્ન, ગંધથી ભિન્ન, ચક્ષુ રહિત, શ્રોત્ર રહિત, વાણી રહિત, મન રહિત, પ્રકાશથી રહિત, પ્રાણ વાયુથી રહિત, મુખ રહિત, પ્રમાણ

રહિત, છિદ્ર રહિત, અને અપરિચ્છિન્ન છે. તે અક્ષર બ્રહ્મ કોઇ પણ વિષય ભોગવતું નથી, તેમ કોઇ પણ મનુષ્ય તે પરમતત્વને ભોગવતો નથી. એવી રીતે સર્વ વિશેષણોથી રહિત એકજ અદ્વિતીય પરંબ્રહ્મ છે.

(११) एतस्य वा अक्षरस्य प्रशासने गार्गि सूर्याचन्द्रमसौ विधृतौ तिष्ठतः ॥ (बृह० उप० अ० ३ ब्रा० ८ मं० ९)

હે ગાર્ગિ ! પ્રસિદ્ધ આ અવિનાશી પુરૂષની આજ્ઞામાં સૂર્ય તથા ચંદ્ર દાસની પેઠે નિયમિત વર્તે છે.

(१२) एतस्य वा अक्षरस्य प्रशासने गार्गि द्यावापृथिव्यौ विधृते तिष्ठतः ॥ (बृह० उप० अ० ३ ब्रा० ८ मं० ९)

હે ગાર્ગિ ! પ્રસિદ્ધ આ અવિનાશી ભગવાનની આજ્ઞામાં સ્વર્ગ અને પૃથ્વી હાથમાં રાખેલા પાષાણની પેઠે ધારણ કરેલાં સ્થિત છે.

(१३) एतस्य वा अक्षरस्य प्रशासने गार्गि निमेषा मुहूर्त्ता अहोरात्राण्यर्द्धमासा मासा ऋतवः संवत्सरा इति विधृता स्तिष्ठन्ति ॥ (बृह० उप० अ० ३ ब्रा० ८ मं० ९)

હે ગાર્ગિ ! પ્રસિદ્ધ આ અવિનાશી આત્મતત્ત્વની આજ્ઞામાં નિમેષો, મુહૂર્તો રાત્રિ દિવસો, પખવાડિયાં, માસો, ઋતુઓ, અને વર્ષો આ કાલના અવયવો ગણના કરનારા સેવકની પેઠે નિયમિત વર્તે છે.

(१४) तद्वा एतदक्षरं गार्ग्यदृष्टं द्रष्टृश्रुतꣳ श्रोत्रमतं मंत्र विज्ञातं विज्ञातृ नान्यदतोऽस्ति द्रष्टृ नान्यदतोऽस्ति श्रोतृ नान्यदतोऽस्ति मन्तृ नान्यदतोऽस्ति विज्ञात्रे तस्मिन्नु खल्वक्षरे गार्ग्याकाश ओतश्च प्रोतश्चेति ॥ [बृह० उप० अ० ३ ब्रा० ८ मं० ११]

હે ગાર્ગિ ! ચક્ષુના અવિષયપણાથી પ્રસિદ્ધ તે આ અક્ષર પુરૂષને ઇદમાકાર કોઇએ દીઠો નથી; અર્થાત્ અવિનાશી પુરૂષને કોઇ જોઇ શકતા નથી. છતાં પોતે તો દર્શિસ્વરૂપ હોવાથી દ્રષ્ટા છે; અર્થાત્ સર્વને તે જુવે છે. શ્રોતનો અવિષય હોવાથી અશ્રુત છતાં શ્રોતાછે; અર્થાત્ તેને કોઇ બોલતાં સાંભળી શકતા નથી, પરંતુ તે સર્વેને બોલતાં સાંભળે છે. મનનો અવિષય હોવાથી અમત છતાં પોતે મંતા છે; અર્થાત્ કોઈ તેના મનનું મ-

નન કરવાને સમર્થ થઇ શકતા નથી, પરંતુ તે સર્વના મનનું મનન કરે છે, અને સર્વના મનની સંકલ્પ વિકલ્પાત્મક વાતો જાણી શકે છે. બુદ્ધિનો અવિષય હોવાથી અવિજ્ઞાત છતાં પોતે વિજ્ઞાતા છે; અર્થાત્ જેવા જાણવા જોઇએ તેવા કોઇ પણ તેને જાણી શકતા નથી, પરંતુ તે તો સર્વને યથાર્થ રીતે જાણે છે. (હવે તેના નાનાપણાની શંકાનું નિરાકરણ કરે છેઃ—) આ અક્ષર બ્રહ્મથી ભિન્ન કોઇ દ્રષ્ટા નથી, આજ સર્વત્ર દ્રષ્ટા છે. આ આત્મતત્વથી ભિન્ન કોઇ શ્રોતા નથી, આનાથી ભિન્ન કોઇ મંતા નથી, અને આ પરમતત્વથી ભિન્ન કોઇ વિજ્ઞાતા નથી. હે ગાર્ગિ ! પ્રસિદ્ધ આ અવિનાશી આત્મામાંજ આકાશ ઓત તથા પ્રોત છે. ઇતિ.

(૧૫) यदिदं किञ्च जगत्सर्वं प्राण एजति निःसृतम् । महद्भयं वज्रमुद्यतं य एतद्विदुरमृता स्ते भवन्ति ॥ [काठकोपनिषत्०]

જે કાંઇ આ સર્વ જગત્ છે તે પ્રાણમાં ચેષ્ટા કરે છે, તેથી નીકળ્યું છતું ચેષ્ટા કરે છે; અર્થાત્ તે પ્રાણરૂપ પરબ્રહ્મના સદ્ભાવથી ચાલે છે, અને તેમાંથીજ આ જગત્ નીકળ્યું છતું નિયમવડે ચેષ્ટા કરે છે. એવું જે જગતની ઉત્પત્તિ આદિનું કારણ બ્રહ્મ છે, તેજ જેનાથી સર્વ જગત્ ભય પામે છે એવું મહાન્ ભયરૂપ છે; તથા ઉગામેલા વજ્ર જેવું છે. જેમ ઉગામેલા વજ્રવાળા સ્વામીને સન્મુખ આવતો દેખીને સેવક તેની આજ્ઞામાં અવશ્ય પ્રવૃત્ત થાય છે, તેમ આ સૂર્યચંદ્રાદિરૂપ સર્વ જગત્ તથા લોકપાલો ક્ષણ માત્ર પણ વિશ્રામ નહિં લેતાં ઉગામેલા વજ્રવાળા સ્વામીના જેવા પરમાત્માના ભયથી નિયમ વડે પોત પોતાના કામમાં પ્રવૃત રહે છે. જે પુરૂષો પોતાના શરીરાઆદિકની પ્રવૃત્તિના સાક્ષિભૂત આ એક બ્રહ્મને જાણે છે, તેઓ મરણધર્મથી રહિત અવિનાશી થાય છે.

(૧૬) श्रोत्रस्य श्रोत्रं मनसो मनो यद्वाचो ह वाचं स उ प्राणस्य प्राणश्चक्षुषश्चक्षुः । अतिमुच्य धीराः प्रेतास्माल्लोकादमृता भवन्ति ॥ [तलवकारो (केनो) पनिषत्०]

શિષ્યે સર્વ કરણોને પ્રકાશ કરનારા તત્વનું સ્વરૂપ પૂછ્યું હતું, તે તત્વનું સ્વરૂપ શ્રી સદ્ગુરૂ કહે છેઃ—હે શિષ્ય ! શબ્દ વિષયના જ્ઞાનનું અસાધારણ કારણ શ્રોત્ર છે. શ્રોત્રના શબ્દગ્રહણના સામર્થ્યનું જે અસાધારણકારણ છે તે શ્રોતનું પણ શ્રોત્ર કહેવાય છે; અર્થાત્ શ્રોત્રમાં જે

પોતાનો શબ્દવિષય પ્રકાશવાનું સામર્થ્ય છે, તે સામર્થ્ય સ્વયંજ્યોતિઃ, અસંગ, નિત્ય, શુદ્ધ ચૈતન્યરૂપ પરંબ્રહ્મના સદ્ભાવથીજ છે; તેનો સદ્ભાવ ન હોય તો તે શ્રોત્ર પોતાના વિષયનો પ્રકાશ કરવામાં સમર્થ થઇ શકે નહિં; તેથી તે સચ્ચિદાનંદ સ્વરૂપ ચૈતન્ય શ્રોત્રનું શ્રોત્ર છે. સંકલ્પવિકલ્પ, નિશ્ચય, ચિંતન, અને અહંભાવ એ અંતઃકરણની વૃત્તિઓ ચૈતન્ય વિના પોતાના વિષયોને પ્રકાશ કરવામાં અસમર્થ છે, તેથી તે ચૈતન્ય અંતઃકરણનું પણ અંતઃકરણ (મનનું પણ મન) છે. જે પ્રસિદ્ધ વર્ણોચ્ચાર શક્તિરૂપ વાણી છે, તે વાણી પોતાનું કાર્ય ચૈતન્ય બ્રહ્મના સદ્ભાવથીજ કરી શકે છે; તેથી તે ચૈતન્ય બ્રહ્મ વાણીની પણ વાણી છે. પ્રાણાપાનાદિ પાંચ વૃત્તિવાળો અને પ્રાણિઓના જીવનના કારણરૂપ જે પ્રાણ છે, તે પ્રાણને જે સામર્થ્ય આપનાર ચૈતન્ય છે, તે ચૈતન્ય પ્રાણના પણ પ્રાણરૂપ કહેવાય છે. રૂપના જ્ઞાનનું અસાધારણ કારણ ચક્ષુ છે. જે આત્મચેતન ચક્ષુને રૂપના જ્ઞાનનું સામર્થ્ય આપે છે તે ચૈતન્ય ચક્ષુનું પણ ચક્ષુ કહેવાય છે. એવી રીતે જે બ્રહ્મચેતન સ્થૂલ સૂક્ષ્માદિ શરીરોનું અધિષ્ઠાન હોવાથી શ્રોત્રનું શ્રોત્ર, મનનું મન, વાણીની વાણી, પ્રાણનો પ્રાણ, અને ચક્ષુનું ચક્ષુ છે. તે બ્રહ્મ ચૈતન્ય હું છું, એમ જાણીને શ્રોત્રાદિકમાંથી હું પણાના ભાવને ત્યજીને જે પુરૂષો વર્તે છે, તે બુદ્ધિમાન્ પુરૂષો સર્વ લૌકિક ઇચ્છાઓનો ત્યાગ કરીને આ વર્તમાન શરીરરૂપ લોકથી મૃત્યુંને પામીને અમૃત ભાવવાળા થાય છે, અર્થાત્ વિદેહમુક્ત થાય છે.

(૧૭) अचिन्त्यमव्यक्तमनन्तरूपं शिवं प्रशान्तममृतं ब्रह्मयोनिम् ।
तमादिमध्यान्तविहीनमेकं विभुं चिदानन्दमरूपमद्भुतम् ॥
[कैव० उप०]

અચિન્ત્ય, અવ્યક્ત, અનંતરૂપ, મંગળસ્વરૂપ, પ્રશાંત, અમૃત, બ્રહ્મ સ્વરૂપ, જગત્ જન્માદિકારણ, આદિ મધ્ય અંત રહિત, એક, વ્યાપક સ્વયં પ્રકાશમાન્ નિરતિશય આનંદ સ્વરૂપ, રૂપ રહિત, અને આશ્ચર્યકર પરમતત્વનું ધ્યાન કરીને મનનશીલ મુમુક્ષુ આત્માનો સાક્ષાત્કાર કરે છે.

(૧૮) जाग्रत्स्वप्न सुषुप्त्यादि प्रपञ्चं यत्प्रकाशते । तद्ब्रह्माहमिति ज्ञात्वा सर्वबन्धैः प्रमुच्यते ॥ [कैवल्योपनिषत्०]

જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિ આદિ પ્રપંચને અર્થાત્ વિરાટ્, હિરણ્યગર્ભ અને અવ્યાકૃતને તથા વિશ્વ, તૈજસ અને પ્રાજ્ઞ ઇત્યાદિ સર્વ સ્થૂલ

સૂક્ષ્મ કારણ પ્રપંચને જે સ્વયંજ્યોતિઃ પ્રકાશ કરે છે; તે સત્યસ્વરૂપ, જ્ઞાન સ્વરૂપ અને અનંત સ્વરૂપ બ્રહ્મ હું છું, એ રીતે પ્રત્યક્ અભિન્ન બ્રહ્મનો સાક્ષાત્કાર કરીને ઉત્તમ અધિકારી અવિદ્યાદિ સર્વ બંધનોથી મુકાય છે.

(१९) न जायते न म्रियते न शुष्यति न क्लिद्यते न दह्यते न कम्पते न भिद्यते न च्छिद्यते । निर्गुणः साक्षिभूतः शुद्धो निरवयवात्मा । केवलः सूक्ष्मो निर्ममो निरञ्जनो निर्विकारः शब्दस्पर्शरूपरसगंधवर्जितो निर्विकल्पो निराकाङ्क्षः सर्वव्यापी सोऽचिन्त्यो निर्वर्ण्यश्च पुनात्यशुद्धान्यपूतानि । निष्क्रियस्तस्य संसारो नास्ति ॥

[आत्मोपनिषत्०]

આત્મા જન્મતો નથી, મરતો નથી, સુકાતો નથી, જળથી ભિંજાતો નથી, બળતો નથી, કંપતો નથી, ભેદાતો નથી, છેદાતો નથી; આત્મા નિર્ગુણ, સાક્ષિરૂપ, શુદ્ધ અને નિરવયવ છે, આત્મા કેવળ, સૂક્ષ્મ, મમતારહિત, નિરંજન, નિર્વિકાર, શબ્દ સ્પર્શ રૂપ રસ ગંધાદિકથી રહિત, નિર્વિકલ્પ, આકાંક્ષા રહિત અને સર્વવ્યાપક છે. તે આત્મા અચિંત્ય અને અવર્ણ્ય છે. તે નિષ્ક્રિય આત્મા અપવિત્ર અશુદ્ધ પદાર્થોને પવિત્ર કરે છે. તે આત્માને સંસાર નથી.

(२०) न तत्र चक्षुर्गच्छति न वाग्गच्छति नो मनो न विद्मो न विजानीमो यथैतदनुशिष्यादन्यदेव तद्विदितादथो अविदितादधि । इति शुश्रुम पूर्वेषां ये नस्त द्व्याचचक्षिरे ॥

[केनोपनिषत्० खं० १ मं० ३]

બ્રહ્મ ચક્ષુનું ચક્ષુ હોવાથી ચક્ષુ ઇંદ્રિય તેમાં પ્રવૃત્તિ કરી શકતું નથી. વાણી પણ તે બ્રહ્મમાં ગમન કરી શકતી નથી; તેમ મન બ્રહ્મને વિષય કરી શકતું નથી. તેથી તે બ્રહ્મ આવું છે એમ અમે જાણતા નથી. જે વસ્તુ કરણનો વિષય હોય તે બ્રાહ્મણત્વાદિજાતિથી, શ્યામાદિગુણોથી, પાચકાદિક્રિયાથી, અને રાજપુરૂષાદિ સંબંધરૂપ વિશેષણથી ઉપદેશ કરી શકાય છે. પરંતુ આ બ્રહ્મનો "केवलो निर्गुणश्च" (કેવળ અને

નિર્ગુણ છે.) જન્માદિ રહિતથી જાતિ આદિવાળું નથી; તેથી જે પ્રકારથી આ બ્રહ્મનો શિષ્યના પ્રતિ ઉપદેશ કરી શકાય તે પ્રકાર અમે જાણતા નથી. તે બ્રહ્મ જાણેલાથી ભિન્નજ છે, અને નહિ જાણેલાથી પણ જુદો છે, એવી રીતે પૂર્વના આચાર્યોનાં વચન અમે સાંભળતા હવા, કે જે આચાર્યો અમને તે બ્રહ્મ સ્પષ્ટ કરીને કહેતા હવા.

(૨૧) यद्वाचाऽनभ्युदितं येन वागभ्युद्यते तदेव ब्रह्म त्वं विद्धि

[केनोपनिषत्०]

જે વાણીવડે પ્રકાશ (કથન) કરાતું નથી, પણ જેવડે વાણી પ્રકાશિત થાય છે; તે આત્મ સ્વરૂપ સર્વથી અધિકતર વ્યાપક હોવાથી તેનેજ તું બ્રહ્મ જાણ.

(૨૨) यन्मनसा न मनुते येनाहु र्मनो मतं । तदेव ब्रह्मत्वं विद्धि

[केनोपनिषत्०]

જેને લોક મન વડે મનન કરતા નથી, અર્થાત્ અનેક તર્ક કર્યાં છતાં પણ જ્યાં લોકોનું મન પહોંચી શકતું નથી; પણ જેણે વૃત્તિ સહિત મન વિષય કર્યું છે, અર્થાત્ જેણે સર્વના મનની અંદરની દરેક બાબતો જાણી છે; એમ બ્રહ્મવેત્તાઓ કહે છે, તેનેજ તું બ્રહ્મ જાણ.

(૨૩) यच्चक्षुषा न पश्यति येन चक्षूंषि पश्यति । तदेव ब्रह्म त्वं विद्धि ॥

[केनोपनिषत्०]

લોક જેને નેત્રવડે જોઇ શકતા નથી, પણ જે ચૈતન્યરૂપ જ્યોતિવડે નેત્રો દેખે છે; અર્થાત્ જે આત્મ જ્યોતિ વડે નેત્રો રૂપને ગ્રહણ કરે છે. તેમેજ તું બ્રહ્મ જાણ.

(૨૪) यच्छ्रोत्रेण न शृणोति येन श्रोत्रमिदंश्रुतं । तदेव ब्रह्म त्वं विद्धि ॥

[केनोपनिपत्०]

જેને લોક શ્રોત્ર વડે સાંભળતા નથી, અર્થાત્ જે આત્મચેતનને લોક કર્ણ ઇંદ્રિયવડે વિષય કરી શકતા નથી; પણ જે ચૈતન્યવડે આ શ્રોત્ર ઇંદ્રિય શ્રુત નામ સ્વકાર્ય કરવામાં સમર્થ છે, તેનેજ તું બ્રહ્મ જાણ.

(૨૫) यत्प्राणेन न प्राणिति येन प्राणः प्रणीयते । तदेव ब्रह्म त्वं विद्धि ॥

[केनोपनिषत्०]

જે ચૈતન્ય પ્રાણ વડે વિષય કરી શકાતું નથી, પરંતુ જે વડે પ્રાણ વિષય પ્રતિ જાય છે; અર્થાત્ જે ચૈતન્ય જ્યોતિથી પ્રાણ શરીર ધારણરૂપ સ્વવ્યાપાર કરે છે. તેનેજ તું બ્રહ્મ જાણ.

(२६) यदि मन्यसे सुवेदेति दभ्रमेवापि नूनं । त्वं वेत्थ ब्रह्मणो रूपं यदस्य त्वं यदस्य च देवेष्वथ नु मीमाꣳस्यमेव ते ॥ [तलवकारोपनिषत्०]

આચાર્ય કહે છેઃ—હે શિષ્ય ! જો તું હું બ્રહ્મને સારી રીતે જાણું છું, એમ માનતો હો, તો તું નિશ્ચય જે આ બ્રહ્મનું નિરતિશય વ્યાપકરૂપ છે, તેને અલ્પજ જાણે છે. તથા આ બ્રહ્મનું જે રૂપ તું દેવો વિષે જાણે છે; તે પણ તું નિશ્ચય અલ્પજ જાણે છે. તેથી હજી પણ તારે બ્રહ્મ સ્વરૂપ વિચાર કરવા યોગ્યજ છે.

(२७) नाहं मन्ये सुवेदेति नो न वेदेति वेद च । यो नस्तद्वेद तद्वेद नो न वेदेति वेद च ॥ [तलवकारोपनिषत्०]

હું બ્રહ્મને સારી રીતે જાણું છું એમ હું માનતો નથી. હું બ્રહ્મને જાણતો નથી એમ નહિ, અને જાણું છું એમ પણ નહિં. અમારામાંથી જે કોઇ તે ઇશ્વર સ્વરૂપને "હું જાણતો નથી એમ નહિં, અને હું જાણું છું એમ પણ નહિ;" એમ જાણે છે, તેજ તેને જાણે છે. (આ શ્રુતિમાં બ્રહ્મનું દુર્વિજ્ઞેયપણું તથા અપરોક્ષપણું સ્પષ્ટ રીતે દેખાડેલું છે.

(२८) यस्यामतं तस्य मतं मतं यस्य न वेद सः । अविज्ञातं विजानतां विज्ञातमविजानताम् ॥ [तलवकारोपनिषत्०]

જેને બ્રહ્મ અજ્ઞાત છે તેને બ્રહ્મ જ્ઞાત છે, અને જેને બ્રહ્મજ્ઞાત છે તે બ્રહ્મને જાણતો નથી અર્થાત્ જે બ્રહ્મવેત્તાઓનો એવો નિશ્ચય છે કેઃ— મેં બ્રહ્મ સ્વરૂપને યથાર્થ રીતે જાણ્યું નથી, તે બ્રહ્મવેત્તાનેજ બ્રહ્મતત્વ જ્ઞાત છે. તથા જેણે એવો નિશ્ચય કર્યો છે કેઃ—મેં બ્રહ્મતત્ત્વ જાણ્યું છે તે અજ્ઞાનિ જીવ બ્રહ્મતત્વને જાણતો નથી એ સ્પષ્ટજ છે. બ્રહ્મસ્વરૂપના જાણનાર તત્ત્વજ્ઞાનિઓને બ્રહ્મ અવિજ્ઞાત છે, અને બ્રહ્મના વાસ્તવિક સ્વરૂપને નહિ જાણનારને તે બ્રહ્મજ્ઞાત છે. અર્થાત્ તત્ત્વવેત્તાઓને તો બ્રહ્મ સ્વયંપ્રકાશ હોવાથી જ્ઞાત જ્ઞાનનો વિષયજ નથી; પરંતુ બ્રહ્મના વાસ્તવિક સ્વરૂપને નહિં જાણનારને તે બ્રહ્મજ્ઞાત જ્ઞાનનો વિષય છે, કેમકે તે અજ્ઞા-

નિઓએ તો ઇંદ્રિય, પ્રાણ, ના બુદ્ધિ આદિકમાંથી કોઇ એક ગ્રાત વસ્તુને બ્રહ્મરૂપે માની છે.

(२९) इह चेदवेदीदथ सत्यमस्ति न चेदिहावेदीन्महती विनष्टिः। भूतेषु भूतेषु विचित्य धीराः प्रेत्यास्माल्लोकादमृता भवन्ति ॥

[केनोपनिषत्०]

જો આ મનુષ્યજન્મમાં આત્માને જાણે છે, તો બ્રહ્માનંદ સ્વરૂપ ફળ પ્રાપ્ત થાય છે; તેથી તેનો વિનાશ થતો નથી. અર્થાત્ આ મનુષ્ય જન્મનું સાર્થક થાય છે. જો આ મનુષ્ય શરીરમાં સ્વસ્વરૂપભૂત આત્માને નથી જાણતો તો જન્મ મરણાદિ કલેશની પ્રાપ્તિરૂપ મહામોટી હાનિ થાય છે. એટલાજ માટે બુદ્ધિમાન્–ધીર પુરૂષો સર્વ સ્થાવર જંગમાત્મક ભૂતોમાં સ્થિત એક આત્માને જાણીને આ લોકથી ઉપરામ થઇને અમૃતભાવવાળા (અમર) થાય છે.

(३०) अनेजदेकं मनसो जवीयो नैनद्देवा आप्नुवन्पूर्वमर्षत् । तद्धावतोऽन्यानत्येति तिष्ठत्तस्मिन्नपो । मातरिश्वा दधाति ॥

[ईशा० उ०].

તે આત્મતત્વ ચલન રહિત, એક અને મનથી વધારે વેગવાન્ છે. એને ચક્ષુ આદિ કોઇ પણ ઇંદ્રિયો પ્રાપ્ત થઇ શકતી નથી; અર્થાત્ જેમ ચક્ષુ ગોલકમાં વર્તમાન અંજન (કાજળ) અત્યંત સાન્નિધ્યપણામાં હોવાથી ચક્ષુવડે ગ્રહણ કરી શકાતું નથી, તેમ આત્મતત્વ પણ મન આદિમાં અનુગત હોવાથી મન ચક્ષુ આદિ વડે ગ્રહણ થઇ શકતું નથી. તે આત્મ તત્વ અતિવેગવાળા મનથી પણ પૂર્વ ગયેલું છે, તે આત્મ તત્વ શીઘ્ર ગમન કરનારાં કાલ, વાયુ આદિ તથા આત્માથી વિલક્ષણ જે મન વાગાદિ છે, તેમનું ઉલ્લંઘન કરી જતું હોય તેમ પ્રતીત થાય છે; છતાં વસ્તુતાએ તો તે અવિક્રય—નિર્વિકાર જ રહે છે. તે નિત્ય ચેતનના સદ્ભાવથી તેમાંજ સમષ્ટિ પ્રાણવાયુ સર્વ કર્મોને ધારણ કરે છે.

(३१) तदेजति तन्नैजति तद्दूरे तद्वन्तिके तदन्तरस्य सर्वस्य तदु सर्वस्यास्य बाह्यतः ॥ [ईशावास्योपनिषत्०]

તે આત્મતત્વ ક્રિયા કરે છે, પણ પોતે સ્વભાવથી કોઇ પણ ક્રિયા કરતું નથી. તે દૂર છે, અર્થાત્ અજ્ઞાનિ મૂઢ જનોને તે પરમતત્વ કોટિ વર્ષ કાલે પણ પ્રાપ્ત થવાને યોગ્ય નથી તેથી તેમને તે અત્યંત દૂર છે. તે

આત્મતત્વ અત્યંત સમીપ પણ છે; અર્થાત્ તે આત્મતત્વ વિદ્વાનોનું સ્વસ્વરૂપ હોવાથી તેઓને અત્યંત સમીપ છે. તે પરમતત્ત્વ ચરાચરરૂપ સર્વની અંતર છે; અને તેજ આત્મતત્ત્વ અખિલ બ્રહ્માંડની બાહાર પણ છે, કેમકે તે આકાશની પેઠે વ્યાપકશીલ છે.

(३२) यस्तु सर्वाणि भूतानि आत्मन्येवानुपश्यति । सर्व भूतेषु चात्मानं ततो न विजुगुप्सते ॥ [ईशावास्योपनिषत्०]

જે સર્વ ભૂત પ્રાણિમાત્રોને આત્મામાંજ સાક્ષાત્ જુએ છે; અને સર્વ ભૂતોમાં આત્માને જુએ છે. એમ અભેદ જ્ઞાન થયા પછી વિદ્વાન્ પુરૂષ કોઇની અવજ્ઞા—નિંદા કરતો નથી; કેમકે તે વિદ્વાન પોતાના આત્માથી ભિન્ન અન્ય કાંઈ દેખતોજ નથી, સર્વત્ર પોતાના આત્માનેજ દેખે છે; તેથી તે કોઇની પણ નિંદા સ્તુતિ કરતો નથી.

(३३) सपर्य्यगाच्छुक्रमकाय मव्रणमस्नाविरꣳ शुद्धमपापविद्धम् । कविर्मनीषी परिभूः स्वयंभूर्याथातथ्यतोऽर्थान्व्यदधाच्छाश्वतीभ्यः समाभ्यः ॥ [ईशावास्योपनिषत्०]

તે સ્વરૂપાભિન્ન આત્મા સર્વવ્યાપક, દીપ્તિમાન્ (સ્વયંપ્રકાશ), લિંગ શરીર રહિત, ક્ષત (છિદ્ર) રહિત, શિરાઓ (નાડીઓ) થી રહિત; તે આત્મા ક્ષત શિરાઓથી રહિત છે એમ કહેવાથી તેને સ્થૂલ શરીર પણ નથી એમ સુચવ્યું છે. તે આત્મા શુદ્ધ (અવિદ્યાદિ મલ રહિત) છે; અહીં શુદ્ધ કહેવાથી કારણ શરીરથી રહિત આત્મા છે એમ બોધન કરે છે. તે આત્મા ધર્માધર્માદિરૂપ પાપથી રહિત, સર્વદ્રષ્ટા, મનના નિયામક, સર્વની ઉપર રહેનારા (સર્વથી શ્રેષ્ઠ), અને સ્વયંભૂ (કારણ રહિત) છે. માયાની ઉપાધિવાળું ચેતન ઇશ્વર કહેવાય છે. તે નિત્યમુક્ત ઇશ્વર સર્વજ્ઞપણાથી સૃષ્ટિના આદિકાલમાં બહુ કાલ સ્થિત રહેવાવાળા સંવત્સર નામના પ્રજાપતિથી સાધ્યસાધનાદિ નિયતસ્વરૂપવડે ચેતન અચેતનરૂપ પદાર્થોને વિવિધ રૂપે કલ્પતા હવા.

(३४) सत्यं ज्ञानमनन्तं ब्रह्म । यो वेद निहितं गुहायां परमे व्योमन् । सोऽश्नुते सर्वान्कामान् सह । ब्रह्मणा विपश्चितेति ॥ [तैत्ति० उप०]

મિથ્યાથી વિલક્ષણ હોવાથી, અને જે વસ્તુ ભૂત ભવિષ્યત્ અને વર્તમાન એ ત્રણે કાલમાં બાધ પામતી નથી તેથી તે સત્યસ્વરૂપ બ્રહ્મ છે. જેના જ્ઞાનનો કદી પણ નાશ થતો નથી તેથી, અને જડથી વિલક્ષણ હોવાથી તે જ્ઞાનસ્વરૂપ બ્રહ્મ છે. જેનો દેશ, કાલ ને વસ્તુવડે અંત નથી તેથી, તથા પરિચ્છિન્નથી વિલક્ષણ હોવાથી તે અનંત સ્વરૂપ બ્રહ્મ છે. હૃદયવડે પરિચ્છેદ પામેલા ઉત્કૃષ્ટ ભૂતાકાશમાં રહેલી બુદ્ધિરૂપ ગુહામાં સાક્ષિપણા વડે પ્રકટ જે બ્રહ્મ વિદ્યમાન્ છે તે બ્રહ્મને જે ઉત્તમ અધિકારી "अहं ब्रह्मास्मि" (હું બ્રહ્મ છું) એ પ્રકારે જાણે છે; તે બ્રહ્મભૂત વિદ્વાન્ સર્વ ભોગોને એક કાલમાં ભોગવે છે. ઇતિ.

(३५) हिरण्मये परेकोशे विरजं ब्रह्म निष्कलं तच्छुभ्रं ज्योतिषां ज्योति स्तद्यदात्मविदो विदुः ॥ [मुण्डकोपनिषत्]

પ્રકાશમય સર્વાભ્યન્તર–આનંદમયાખ્ય–ઉત્કૃષ્ટકોશમાં નિર્મળ, નિરવયવ, જે બ્રહ્મ છે, તે શુદ્ધ અને સૂર્યાદિ જ્યોતિઓનુ જ્યોતિઃ સ્વરૂપ છે; તેને પોતાના આત્માનું યથાર્થ સ્વરૂપ જાણનારા આત્મવેત્તાઓ જાણે છે.

(३६) न तत्र सूर्य्यो भाति न चन्द्रतारकं नेमा विद्युतो भान्ति कुतोऽयमग्निः । तमेव भान्तमनुभाति सर्वं तस्य भासा सर्वमिदं विभाति ॥ [काठ० उप० ॥ मुण्ड० उप० ॥ श्वेता० उपनिषत् ॥]

તે બ્રહ્મમાં સૂર્ય પ્રકાશ કરી શકતો નથી, ચંદ્ર તારા તેને પ્રકાશી શકતા નથી, તેને આ વિજળીઓ પ્રકાશતી નથી; તો આ અગ્નિ તેને ક્યાંથી પ્રકાશે ? સર્વ જગત્ તે પરમાત્માનાજ ભાસમાન થયા પછી ભાસે છે. તે પરમાત્માના પ્રકાશવડે આ સૂર્ય ચંદ્રાદિ સહિત સર્વ જગત્ પ્રકાશે છે.

(३७) प्राणो ह्येष यः सर्वभूतैर्विभाति विजानन् विद्वान्भवते नातिवादी । आत्मक्रीड आत्मरतिः क्रियावानेष ब्रह्मविदां वरिष्ठः ॥ [मुण्ड० उप०]

જે આ પ્રાણરૂપ આત્મા સર્વ ભૂતો વડે નાના પ્રકારનો જણાય છે, અર્થાત્ જે આ પ્રાણના પ્રાણ સ્વરૂપ ઇશ્વર છે, તે સર્વ ભૂતોમાં તેમના

આત્મરૂપે રહીને વિવિધ પ્રકારનો જણાય છે. એમ સર્વત્ર આત્મભાવને જાણનારો વિદ્વાન્ આત્માથી ભિન્ન દર્શનના અભાવથી અતિવાદી થતો નથી: અર્થાત્ આત્માનો પરિત્યાગ કરીને બીજી કાંઇ વાતો કરતો નથી, આત્મા સંબંધીજ કથન કરે છે. વળી આ વિદ્વાન્ સ્ત્રી પુત્ર ધનાદિમાં ક્રીડાવાળો નહિં, પણ આત્મામાંજ ક્રીડાવાળો; શબ્દાદિ બાહ્યવિષયોમાં પ્રીતિવાળો નહિં, પણ આત્માને વિષેજ પ્રીતિવાળો; અને વિવેક, વૈરાગ્ય જ્ઞાન, ધ્યાન, શમ, દમાદિક ક્રિયાવાળો છે; તેથી આ બ્રહ્મનિષ્ટ સર્વ બ્રહ્મવેત્તાઓમાં ઉત્કૃષ્ટ છે.

(૩૮) बृहच्च तद्दिव्यमचिन्त्यरूपं सूक्ष्माच्च तत्सूक्ष्मतरं विभाति ।
दूरात्सुदूरे तदिहान्तिके च पश्यत्स्विहैव निहितं गुहायाम्
[मुण्ड० उप०]

બ્રહ્મ સર્વવ્યાપક હોવાથી મહાન્, સ્વયંપ્રકાશ, તથા અચિંત્ય રૂપ છે; તે સૂક્ષ્મથી સૂક્ષ્મતર વિવિધ સ્વરૂપે પ્રકાશે છે. આત્મા અજ્ઞાનિ જીવોને અસત અગમ્ય હોવાથી દૂરથી અતિ દૂર છે, અને તે બ્રહ્મ જ્ઞાનિઓને તો પોતાના આત્મરૂપ હોવાથી તથા સર્વાન્તર હોવાથી આ શરીર વિષે સમીપમાં રહેલું છે. તે અહીંજ ચેતનવાળા પુરૂષોમાં—બુદ્ધિરૂપ ગુહામાં-સ્થિત છે.

(૩૯) न चक्षुषा गृह्यते नापि वाचा नान्यैर्देवैस्तपसा कर्मणा वा
ज्ञानप्रसादेन विशुद्धसत्त्व स्ततस्तु तं पश्यते निष्कलं
ध्यायमानः ॥ [मुण्ड० उप०]

તે બ્રહ્મ ચક્ષુવડે ગ્રહણ થઇ શકતું નથી; તે વાણી વડે પણ ગ્રાહ્ય નથી. અન્ય ઈંદ્રિયો વડે, તપ વડે અથવા યજ્ઞાદિ કર્મવડે પણ તે બ્રહ્મ ગ્રહણ થઈ શકતું નથી; પણ જ્યારે ધ્યાનાદિકથી બુદ્ધિ રાગદ્વેષાદિકથી રહિત તથા સંશયાદિ મળથી રહિત શાન્ત થાય છે; ત્યારે તે બુદ્ધિની શાંતિ વડે વિશુદ્ધ અંતઃકરણવાળો ઉત્તમ અધિકારી પુરૂષ બ્રહ્મનો સાક્ષાત્કાર કરવામાં સમર્થ થાય છે તેથી આ શાંત્યાદિ સાધનવાળો તથા જિતેન્દ્રિય પુરૂષ એકાગ્ર ચિત્તથી ધ્યાન કરતો છતો તે નિરવયવ બ્રહ્મને ઉપલબ્ધ કરે છે.

(૪૦) तमीश्वराणां परमं महेश्वरं तं देवतानां परमं च दैवतम् ।

पतिं पतीनां परमं परस्ताद्विदाम देवं भुवनेशमीड्यम् ॥
[श्वेता० उप० अ० ६]

તે પરમાત્મા હિરણ્યગર્ભાદિ સર્વ નિયંતાઓના ઉત્કૃષ્ટ અને મહાન્ નિયંતા છે. તે આત્મા અગ્નિ આદિ સર્વ દેવતાઓનું પરમ દૈવત છે. તથા તે મહેશ્વર પ્રજાપતિરૂપ સર્વ પતિઓના પણ પતિ છે. તે પરાત્પર (માયાથી ઉત્કૃષ્ટ), દીપ્તિમાન્, ભુવનોના નિયંતા અને સ્તવનીય છે; તેને અમે જાણતા હવા.

(૪૧) न तस्य कार्यं करणं च विद्यते न तत्समश्चाभ्यधिकश्च दृश्यते । पराऽस्य शक्तिर्विविधैव श्रूयते स्वाभाविकी ज्ञानबल क्रिया च ॥ [श्वे० उ०]

તે પરમાત્માને સ્થૂલ-સૂક્ષ્માદિ શરીર તથા ચક્ષુરાદિ ઇંદ્રિય સમૂહ વિદ્યમાન્ નથી. તે પરાત્માના સમાન તથા તેમનાથી અધિક કોઇ પણ દેખવામાં આવતો નથી; તેમ સાંભળવામાં પણ આવતો નથી. આ પરમેશ્વરની ઉત્કૃષ્ટ શક્તિ વેદશાસ્ત્રમાં વિવિધ પ્રકારનીજ શ્રવણ કરાય છે; અને તેની જ્ઞાનક્રિયા (સર્વ વિષયના જ્ઞાનમાં પ્રવૃત્તિ) અને બળક્રિયા (પોતાની સંનિધિમાત્રવડે સર્વને વશ કરીને નિયમમાં પ્રવર્તાવવારૂપ કર્મ) સ્વાભાવિકી (અનાદિ સિદ્ધ) છે.

(૪૨) न तस्य कश्चित्पतिरस्ति लोके न चेशिता नैव च तस्य लिङ्गम् । स कारणं करणाधिपाधिपो न चास्य कश्चिज्जनिता न चा धिपः ॥ [श्वेता० उप० अ० ६ ॥]

તે પરમાત્માનો વિશ્વમાં કોઇ સ્વામી નથી, તથા તેનો કોઇ નિયંતા નથી; અને તેનું કાંઇ પણ લિંગ (શરીર વા ચિહ્ન) જ નથી. તે પરમાત્મા સર્વનું કારણ છે; તથા તે મન સહિત ચક્ષુરાદિ સર્વ ઇંદ્રિયોના અધિષ્ઠાતાના પાલક છે. આ પરમાત્માનો કોઇ ઉત્પાદક (પિતા) નથી, તેમ તેનો કોઇ અધિપતિ પણ નથી.

(૪૩) एको देवः सर्वभूतेषु गूढः सर्वव्यापी सर्वभूतान्तरात्मा । कर्माध्यक्षः सर्वभूताधिवासः साक्षी चेता केवलो निर्गुणश्च
[श्वेता० उप०]

તે પરમાત્મા એક (અદ્વિતીય), દીપ્તિમાન્, સર્વભૂતપ્રાણિઓમાં ગુપ્ત રહેલા, સર્વ સ્થાવર જંગમાત્મક બ્રહ્માંડોમાં વ્યાપક, અને સર્વ ભૂતોના અંતરાત્મા છે; તથા તે પરમાત્મા સર્વ જીવોના કર્મોના નિયંતા, અર્થાત્ સર્વ જીવોને તેમના કર્મોનું ફળ આપનારા; તથા સર્વ ભૂત પ્રાણિઓના નિવાસરૂપ, સર્વના સાક્ષી, ચૈતન્ય સ્વરૂપ, કેવળ, અને સત્વાદિ ગુણોથી રહિત છે.

(૪૪) एको वशी निष्क्रियाणां बहूनामेकं बीजं बहुधा यः करोति । तमात्मस्थं येऽनुपश्यन्ति धीरास्तेषां सुखं शाश्वतं नेतरेषाम् ॥ [श्वे० उ०]

જે સજાતીય, વિજાતીય, સ્વગત ભેદોથી રહિત એક અદ્વિતીય; અને વિવિધ ક્રિયાઓથી રહિત એવાં જડોને વશ રાખનારા પરમાત્મા, અવિદ્યારૂપ એક બીજ (કારણ) ને અનેક પ્રકારે કરે છે; તે બુદ્ધિમાં રહેલા પરમેશ્વરને જે બુદ્ધિમાન્ ધીર પુરૂષો શ્રી સદ્‌ગુરૂદ્વારા વેદ વાક્યોના શ્રવણ પછી " અમે બ્રહ્મ છીએ " એમ અપરોક્ષ જાણે છે, તેઓને અવિનાશી મહાસુખ મળે છે; બીજા અજ્ઞાનિ જીવોને તે અવિનાશી મહા સુખ મળતુંજ નથી.

(૪૫) नित्यो नित्यानां चेतनश्चेतनानामेको बहूनां यो विदधाति कामान् । तत्कारणं सांख्ययोगाधिगम्यं ज्ञात्वा देवं मुच्यते सर्वपाशैः ॥ [श्वेता० उप०]

આકાશાદિ નિત્ય પદાર્થોના મધ્યે જે નિત્ય છે, અને જે જીવોના મધ્યે ચેતનરૂપ છે; તથા જે એક સર્વ જીવોને યથાયોગ્ય ભોગો આપે છે. તે વિશ્વના કારણરૂપ તથા સાંખ્ય ("अहं ब्रह्मास्मि) હું બ્રહ્મ છું." એવું સમ્યક્ જ્ઞાન) અને યોગવડે જાણવા યોગ્ય દેવને સાક્ષાત્ જાણીને અધિકારી જીવ અવિદ્યા, કામ અને કર્માદિ સર્વ પાશોથી મુક્ત છે.

(૪૬) एष देवो विश्वकर्मा महात्मा सदा जनानां हृदये सन्निविष्टः । हृदा मनीषा मनसाऽभिक्लृप्तो य एतद्विदुरमृतास्ते भवन्ति ॥ [श्वेता० उप० अ० ४]

આ પરમાત્મદેવ, વિશ્વકર્તા, મહાત્મા, અને મનુષ્યોના હૃદયમાં અ-

હનિશ સમ્યક્ સ્થિતિ કરીને રહેલા છે. તથા તે વિવેકવાળા અને વિચારવાળા મન વડે અભિવ્યક્ત થનારા છે. જેઓ આ પરમાત્મદેવને સ્વસ્વરૂપભૂત જાણે છે તેઓ મરણુભાવથી રહિત-અવિનાશી થાય છે.

(૪૭) तं दुर्दर्शं गूढमनुप्रविष्टं गुहाहितं गह्वरेष्ठं पुराणम् । अध्यात्मयोगाधिगमेन देवं मत्वा धीरो हर्षशोकौ जहाति ॥

[श्री कठोपनिषत्०]

યમરાજા કહે છે, હે નચિકેતઃ ! જે આત્માને તું જાણવાને ઇચ્છે છે, તે આત્મા અતિ સૂક્ષ્મ હોવાથી જેનો દુઃખવડે સાક્ષાત્કાર થઇ શકે એવો છે; અર્થાત્ સંયમ વિનાના ચિત્તથી દેખવાને અશક્ય છે. વળી તે આત્મા માયાના કાર્યો વડે આચ્છાદન થએલા હોવાથી ગૂઢ છે, અને કાર્ય સમુદાયને સજીને તેમાં પ્રવેશ કરી રહેલો છે; ને બુદ્ધિરૂપ ગુહામાં સ્થિત, અને રાગદ્વેષાદિરૂપ અનેક અનર્થોયુક્ત અત્યંત ખેદ ઉપજાવનાર કાર્યકારણના સમૂહમાં અધિષ્ઠાનરૂપે રહેનારો, અને સનાતન છે. આત્મા વિષે ચિત્તની એકાગ્રતારૂપ જે અધ્યાત્મ યોગ છે તેની પ્રાપ્તિવડે તે આત્મદેવને સાક્ષાત્કાર કરીને બુદ્ધિમાન્ પુરૂષ આત્માની વૃદ્ધિ અને હાનિના અભાવથી હર્ષ તથા શોકને ત્યજે છે.

(૪૮) स विश्वकृद्विश्वविदात्मयोनिर्ज्ञः कालकारो गुणी सर्वविद्यः
प्रधानक्षेत्रज्ञपतिर्गुणेशः संसारमोक्षस्थितिबन्धहेतुः ॥
स तन्मयो ह्यमृत ईशसंस्थो ज्ञः सर्वगो भुवनस्यास्य गोप्ता ।
य ईशे अस्य जगतो नित्यमेव नान्यो हेतुर्विद्यत ईशनाय ॥

[श्वेता० उपनि० अ० ६ मं० १६-१७]

જે અવ્યક્ત, અને જીવોના સ્વામી, તથા સત્વાદિ ગુણોના નિયંતા, અને જ્ઞાન વડે સંસારથી મોક્ષના તથા અજ્ઞાન વડે સંસારમાં સ્થિતિરૂપ બંધનના હેતુભૂત છે. તે પરમાત્મા જગતના કર્તા, સર્વને સામાન્ય રીતે જાણનાર, સર્વના આત્મા, સર્વનું કારણ, જ્ઞાન સ્વરૂપ, કાળના કર્તા, અલૌકિક ગુણવાળા, અને સર્વને વિશેષ રીતે જાણનાર છે.

જે આ જગતને નિરંતર નિયમમાં રાખે છે, તે પરમાત્મા અજ્ઞાનકાળે તથા જ્ઞાનકાળે તન્મય (ચૈતન્યમય), પ્રસિદ્ધ અવિનાશી, પોતાના મહિમામાં સમ્યક્ સ્થિતિવાળા, જ્ઞાનસ્વરૂપ, સર્વવ્યાપક, અને આ ભુવનોના

પાલક છે. જગતના નિયમન માટે પરમાત્મા વિના અન્ય કારણ વિદ્યમાન્ નથી.

(४९) यस्मादर्वाक् संवत्सरोऽहोभिः परिवर्त्तते । तद्देवा ज्योतिषां ज्योतिरायुर्होपासतेऽमृतम् ॥ [श्री बृह० उप० अ० ४ ब्रा० ४ मं० १६]

જેનાથી આ સંવત્સરરૂપ કાલ પોતાના અવયવોરૂપ દિવસ રાત્રવડે કાર્યસમૂહનો પરિચ્છેદ કરતો છતો વિદ્યમાન્ છે. તે સૂર્યાદિ જ્યોતિઓના પ્રકાશક, સર્વના આયુષ્ સ્વરૂપ, અને અમરણ ધર્મવાળા ઇશ્વરનું પ્રસિદ્ધ દેવો અનુસંધાન કરે છે. તેથી આયુષ્ની કામનાવાળાએ તે ગુણવાળું બ્રહ્મ ઉપાસ્ય છે.

(५०) सर्वस्य वशी सर्वस्येशानः सर्वस्याधिपतिः स न साधुना कर्मणा भूयान्नो एवासाधुना कनीयान् एष, सर्वेश्वर एष भूताधिपतिरेष भूतपालः ॥ [बृह० उप० अ० ४ ब्रा०४

જે સર્વને વશ રાખનારો, સર્વનો નિયામક અને સર્વનો અધિપતિ છે; તે પરમાત્મા વિહિત કર્મોવડે પૂર્વ અવસ્થાથી વૃદ્ધિને પામતો નથી; તેમજ નિષિદ્ધ કર્મોવડે લઘુતાને પામતો નથી. કેમકે આ સર્વનો નિયામક છે, અને આ સર્વ સ્થાવર જંગમાત્મક ભૂતોનો અધિપતિ છે; તથા આ ઉત્પન્ન થએલાં ભૂતોનું રક્ષણ કરનાર છે.

(५१) यो ब्रह्माणां विदधाति पूर्वं यो वै वेदाँश्च प्रहिणोति तस्मै । तꣳ ह देवमात्मबुद्धि प्रकाशं मुमुक्षुर्वै शरणमहं प्रपद्ये ॥ [श्वेता० उप० अ० ६ मं० १८]

જે પરમાત્મા સૃષ્ટિના આદિકાલમાં બ્રહ્માને ઉત્પન્ન કરે છે, અને જે તેમનેજ પ્રસિદ્ધ વેદો આપે છે; તે સ્વબુદ્ધિના પ્રકાશ કરનાર સાક્ષી દેવને હું મુમુક્ષુ જીવ શરણ પામ્યો છું.

(५२) निष्कलं निष्क्रियꣳ शान्तं निरवद्यं निरञ्जनम् । अमृतस्य परꣳ सेतुं दग्धेन्धनमिवानलम् ॥ [श्वेता० उ०]

તે પરમાત્મદેવ નિરવયવ, ક્રિયારહિત, શાન્ત, નિર્દોષ, નિર્લેપ, મુ-

ક્તિના ઉત્કૃષ્ટ સેતુરૂપ, અને ઇંધન (કાષ્ટ) બળી રહ્યા પછીના અગ્નિ તુલ્ય પ્રકાશમાન્ જ્ઞાનસ્વરૂપ છે.

(५३) एष सर्वेश्वर एष भूताधिपति रेष भूतपाल एष सेतुर्विधरण एषां लोकानामसंभेदाय ॥ [बृह० उप० अ० ४ ब्रा० ४]

આ સર્વનો ઇશ્વર, આ સર્વ સ્થાવર જંગમભૂતોનો અધિપતિ, અને આ ઉત્પન્ન થએલાં ભૂતોનો પ્રતિપાલક, તથા આ ભૂરાદિ લોકોના અસાંકર્ય માટે વર્ણાશ્રમાદિ વ્યવસ્થા રાખનાર સેતુસ્વરૂપ છે.

(५४) यस्मिन्द्यौः पृथिवी चान्तरिक्षमोतं मनः सह प्राणैश्च सर्वैः। तमेवैकं जानथ आत्मानमन्या वाचो विमुञ्चथ अमृतस्यैष सेतुः ॥ [मुण्ड० उपनिषत्०]

જે બ્રહ્મમાં સ્વર્ગ, પૃથ્વી અને અંતરિક્ષરૂપ સમગ્ર જગત્ પ્રવેશ પામેલું છે, તથા પ્રાણાદિ સર્વ બીજાં કરણો સહિત મન જેમાં પ્રવેશ પામેલું છે; તે સર્વના આશ્રયરૂપ, અદ્વિતીય અને સર્વ પ્રાણિઓના પ્રત્યક્ સ્વરૂપ આત્માનેજ જાણો. તે આત્માને જાણીને અપરાવિદ્યારૂપ બીજી સર્વ વાણીઓનો પરિત્યાગ કરો. આ આત્માનું જ્ઞાન સંસારરૂપ મહાસાગર ઉતરવાના હેતુરૂપ હોવાથી મોક્ષની પ્રાપ્તિ માટે સેતુ (પૂલ-પાજ) રૂપ છે.

(५५) यदर्चिं मद्यदणुभ्योऽणु च यस्मिँल्लोका निहिता लोकिनश्च तदेतदक्षरं ब्रह्म स प्राणस्तदु वाङ्मनः । तदेतत्सत्यं तदमृतं तद्वेद्धव्यं सोम्य विद्धि ॥ [मुण्डकोपनिषत्०]

જે દીપ્તિમાન્, જે સૂક્ષ્મોથી સૂક્ષ્મ તથા સ્થૂલમાં સ્થૂલ છે; જેમાં ભૂરાદિ સર્વે લોકો તથા તે લોક નિવાસિ મનુષ્યાદિક સ્થિત છે; તે આ અવિનાશી બ્રહ્મ છે. તે પ્રાણ, તેજ વાણી, અને મન છે. તે આ બ્રહ્મ સત્યસ્વરૂપ છે, ને અમૃત (અવિનાશી) સ્વરૂપ છે. તે મનવડે સમાધાન કરવા યોગ્ય છે; અર્થાત્ તેમાં ચિત્તની એકાગ્રતા કરવી જોઇએ. તેથી હે પ્રિયદર્શન ! તે બ્રહ્મમાં ચિત્તને એકાગ્ર કર.

(५६) य एष सुप्तेषु जागर्ति कामं कामं पुरुषो निर्मिमाणः । तदेव शुक्रं तद्ब्रह्म तदेवामृतमुच्यते । तस्मिँल्लोकाः स्थिताः

सर्वे तदु नात्येति कश्चन । एतद्वैतत् ॥ [काठकोपनिषत्०]

જે આ સ્વયંપ્રકાશ ચિદ્રૂપ પુરૂષ સ્વપ્નમાં ઇંદ્રિયો પ્રલીન થયે સતે સ્ત્રી, પુત્ર, પશુ આદિક ઇચ્છિત વિષયને અવિદ્યાથી રચતો છતો જાગે છે. તેજ શુદ્ધ છે, તેજ બ્રહ્મ છે; તેજ બ્રહ્મ અવિનાશી મોક્ષ સ્વરૂપ કહેવાય છે. પૃથ્વી આદિક સર્વે લોકો તે બ્રહ્મમાં આશ્રય પામેલા છે. તે બ્રહ્મને કોઇ પણ ઉલ્લંઘન કરતો નથી. હે નચિકેતઃ! તેં પૂછેલું બ્રહ્મસ્વરૂપ તે આ વર્ણન કરેલુંજ બ્રહ્મ છે.

(૫૭) अणोरणीयान्महतो महीयानात्माऽस्य जन्तोर्निहितो गुहायाम् । तमक्रतुः पश्यति वीतशोको धातुप्रसादान्महिमानमात्मनः ॥ [कठोपनिषत्०]

આ આત્મા મનાદિ સૂક્ષ્મ પદાર્થથી અતિશય સૂક્ષ્મ છે, અને કાલાદિકનું અધિષ્ઠાન હોવાથી તે કાલાદિ મહાન્ પદાર્થથી આ આત્મા અત્યંત મહાન્ છે; તે આત્મા બ્રહ્માથી તૃણગુચ્છ પર્યન્તના આ સમગ્ર પ્રાણિજાતની બુદ્ધિરૂપી ગુહામાં પ્રત્યક્ રૂપવડે સ્થિત છે. આલોક પરલોકના વિષયોથી ઉપરામ ચિત્તવાળો મનુષ્ય મન આદિક કરણોરૂપ ધાતુઓની નિર્મળતાથી આત્માના તે મહિમા (કર્મ નિમિત્ત વૃદ્ધિ હાની રહિતરૂપ) ને સાક્ષાત્ અનુભવે છે; અર્થાત્ " આ આત્મા હું છું " એમ સાક્ષાત્ જાણે છે, તેથી શોક રહિત થાય છે.

(૫૮) एको वशी सर्व भूतान्तरात्मा एकं रूपं बहुधा यः करोति। तमात्मस्थं येऽनुपश्यन्ति धीरास्तेषां सुखं शाश्वतं नेतरेषाम् ॥ [काठकोपनिषत्०]

જે પરમાત્મા એક અદ્વિતીય, સર્વ વિશ્વના નિયંતા, અને સર્વભૂતોનો અંતરાત્મા છે; તથા જે આત્મા એક નિરૂપાધિ ચિદ્રૂપને ઉપાધિરચિત અનેક પ્રકારે કરે છે. તે બુદ્ધિમાં રહેલા આત્માને જે વિવેકિઓ આચાર્ય અને શાસ્ત્રના ઉપદેશને પામીને સાક્ષાત્ અનુભવે છે, તેઓને નિત્યસુખ થાય છે; બીજા જે બાહ્ય વિષયોમાં આસક્ત ચિત્તવાળા અવિવેકિ જનો છે તેઓને તે નિત્યસુખ પ્રાપ્ત થતું નથી.

(૫૯) सर्वानन शिरोग्रीवः सर्वभूतगुहाशयः । सर्वव्यापी स भग-

वांस्तस्मात्सर्वगतः शिवः ॥ [अ० ३ मं० ११] सर्वतः पाणिपादं तत्सर्वतोऽक्षिशिरोमुखम् । सर्वतः श्रुतिमल्लोके सर्वमावृत्य तिष्ठति ॥ [अ० ३ मं० १६ श्वेता० उ०]

તે ઐશ્વર્યવાન્ પ્રભુ સર્વ મુખવાળા, સર્વ મસ્તકવાળા, સર્વ ડોક-વાળા, સર્વ પ્રાણીઓની બુદ્ધિરૂપ ગુહામાં સ્થિત, અને સર્વવ્યાપક છે; તેથી તે કલ્યાણ કરનાર સર્વમાં સ્થિત છે.

જે સર્વ ભણી હાથો તથા પગોવાળું, સર્વ ભણી નેત્રો અને મસ્ત-કવાળું, તથા સર્વ ભણી મુખોવાળું, અને સર્વ ભણી શ્રોત્રવાળું બ્રહ્મ છે; તે લોકોમાં સર્વને ઢાંકીને રહે છે.

(६०) परमेवाक्षरं प्रतिपद्यते स यो ह वै तदच्छायमशरीरमलोहितं शुभ्रमक्षरं वेदयते यस्तु सोम्य । [प्र० उप० ४ मं० १०]

સૌર્યના પુત્ર ગાર્ગ્યને પિપ્પલાદ મુનિ કહે છેઃ—હે પ્રિયદર્શન ! જે પુરૂષ તે પ્રસિદ્ધ અજ્ઞાન રહિત, શરીર રહિત, લોહિતાદિ ગુણ રહિત, શુદ્ધ અને વિનાશશૂન્ય બ્રહ્મને આચાર્યના ઉપદેશથી જાણે છે; તે અક્ષર રૂપ પરંબ્રહ્મનેજ પામે છે.

(६१) अदृष्टमव्यवहार्यमग्राह्यमलक्षणमचिन्त्यमव्यपदेश्यमेकात्म प्रत्ययसारं प्रपंचोपशमं शान्तं शिवमद्वैतम् ॥ [नृसिंहोत्तरतापन्युपनिषत्०]

જે પરંબ્રહ્મ ચક્ષુરાદિ ઇંદ્રિયોને અગોચર, અવ્યવહાર્ય, વાગાદિ કર્મ ઇંદ્રિયોથી અગ્રાહ્ય, કોઇ પણ લક્ષણથી અગમ્ય, અચિંત્ય, કોઇ પણ શબ્દથી જણાય નહીં એવો છે. માત્ર એક આત્મ પ્રત્યયજ તેના અસ્તિ-ત્વનું પ્રમાણ છે. તે સર્વ સંસારધર્મથી અતીત છે, તે શાંત, કલ્યાણ સ્વરૂપ, અને અદ્વિતીય છે.

(६२) तदेतत्प्रेयः पुत्रात्प्रेयो वित्तात्प्रेयोऽन्यस्मात्सर्वस्मादन्तरतरं यदयमात्मा ॥ [बृह० उप० अ० १ ब्रा० ४ मं० ८]

જે આ આત્મા પ્રાણાદિકથી અધિક અંતર છે, તે આ આત્મા પુત્રથી અધિક પ્રિયતર છે, સુવર્ણાદિક ધનથી અધિક પ્રિયતમ છે, અને વિશ્વમાં પ્રિયપણાવડે કરીને પ્રસિદ્ધ એવા અન્ય સર્વ પદાર્થોથી પણ અધિક પ્રિય તર આત્મા છે.

(६३) स योऽन्यमात्मनः प्रियं ब्रुवाणं ब्रूयात्प्रियꣳ रोत्स्यतीतीश्वरो ह तथैव स्यादात्मनमेव प्रियमुपासीत स य आत्मनमेव प्रियमुपास्ते न हास्य प्रियं प्रमायुकं भवति ॥

[बृह० उप० अ० १ ब्रा० ४]

જે કોઇ તત્ત્વદર્શી તે આત્માથી ભિન્ન સ્ત્રીપુત્રાદિકને પ્રિય કહેનારા પ્રતિ " તારો તે પ્રિય વિનાશ પામશે " એમ કહે; તો આ તત્ત્વદર્શી એમ કહેવામાં સમર્થજ છે, કેમકે જેમ તે કહે તેમજ થાય છે. તેથી સ્ત્રીપુત્રધનાદિ અન્ય પ્રિયનો પરિત્યાગ કરીને આત્મારૂપ પ્રિયનેજ ઉપાસે. તે જે આત્મારૂપ પ્રિયનેજ ઉપાસે છે, આનું પ્રિય મરણ સ્વભાવવાળું થતું નથી.

(६४) आत्मा वा अरे द्रष्टव्यः श्रोतव्यो मन्तव्यो निदिध्यासितव्यो मैत्रेय्यात्मनि खल्वरे दृष्टे श्रुते मते विज्ञात इदꣳ सर्वं विदितम् ॥ [बृह० उप० अ० ४ ब्रा० ६]

યાજ્ઞવલ્કય મુનિ કહે છેઃ—અરે મૈત્રેયિ ! પરમ પ્રેમનું સ્થાન આત્માજ સાક્ષાત્કરવા યોગ્ય, અને આચાર્ય તથા શાસ્ત્રદ્વારા શ્રવણ કરવા યોગ્ય છે; તથા યુક્તિઓ વડે મનન કરવા યોગ્ય અને નિશ્ચયપૂર્વક ધ્યાન કરવા યોગ્ય છે. અરે મૈત્રેયિ ! આ આત્મા દૃષ્ટ થયે સતે, શ્રવણ કરે સતે, મનન કરે સતે, અને આ આત્મા એમજ છે અન્યથા નથી એમ નિશ્ચય જાણે સતે, આ સર્વ કલ્પિત જગત્ વિદિત થાય છે.

(६५) स वा अयमात्मा सर्वेषां भूतानामधिपतिः सर्वेषां भूतानाꣳ राजा ॥ [बृह० उप० अ० २ ब्रा० ५]

પ્રસિદ્ધ તે આ આત્મા સર્વ ભૂતોનો અધિપતિ છે, અને સર્વ ભૂતોનો રાજા છે.

(६६) तद्यथा रथनाभौ च रथनेमौ चाराः सर्वे समर्पिता एवमेवास्मिन्नात्मनि सर्वाणि भूतानि सर्वे देवाः सर्वे लोकाः सर्वे प्राणाः सर्व एत आत्मानः समर्पिताः ॥

[बृह० उप० अ० २ ब्रा० ५]

સર્વ જગત્ આત્મામાંજ સ્થિત છે તેમાં દૃષ્ટાંત કહે છેઃ—જેમ રથના

ચક્રની નાભિમાં અને રથના ચક્રની નેમિમાં સર્વે આરા સ્થિત છે; તેમજ આ આત્મામાં સર્વે ભુત પ્રાણીઓ, સર્વે દેવતાઓ, ભૂરાદિ સર્વે લોકો સર્વે પ્રાણો તથા ઇંદ્રિયો, અને સર્વે ચિદાભાસરૂપ જીવાત્માઓ સ્થિત છે.

(६७) युजे वां ब्रह्म पूर्व्यं नमोभिः ॥ [श्वेता० उप० अ० २]

હે મન અને ઇંદ્રિયો ! તમને હું નમસ્કારો વડે અનાદિ સિદ્ધ બ્રહ્મપ્રતિ એકાગ્ર કરૂં છું.

अनाद्यनन्तं कलिलस्य मध्ये विश्वस्य स्रष्टारमनेकरूपम् ।
विश्वस्यैकं परिवेष्टितारं ज्ञात्वा देवं मुच्यते सर्वपाशैः ॥
[श्वेता० उप० अ० ५]

અનાદિ, અનંત, વિશ્વના કર્તા, અનેક રૂપવાળા, અને વિશ્વને સર્વ ભણી વીંટીને રહેનારા અદ્વિતીય દેવને ગહન સંસારની મધ્યે જાણીને અધિકારી જીવ અવિદ્યાદિ સર્વ પાશોથી મુક્ત થાય છે.

(६८) न जायते म्रियते वा विपश्चिन्नायं कुतश्चिन्न बभूव कश्चित् । अजो नित्यः शाश्वतोऽयं पुराणो न हन्यते हन्यमाने शरीरे ॥ [काठकोपनिषत्०]

નિત્ય ચૈતન્યરૂપ આત્મા જન્મતો વા મરતો નથી, આ આત્મા કોઇથી થયો નથી; અને આ આત્માથી કોઇ થયું નથી. આ આત્મા અજન્મા, નિત્ય, શાશ્વત, અને પુરાણ (પૂર્વે પણ નવીનજ) છે; અર્થાત્ વૃદ્ધિ વર્જિત છે. આ આત્મા શરીરમાં સ્થિત છતાં પણ આકાશની પેઠે અસંગ હોવાથી શસ્ત્રાદિકથી શરીરનું હનન થયે પણ હણાતો નથી. (આ શ્રુતિ આત્માનું નિરૂપાધિક સ્વરૂપ વર્ણવે છે.)

(६९) एष सर्वेषु भूतेषु गूढोत्मा न प्रकाशते । दृश्यते त्वग्रया बुद्ध्या सूक्ष्मया सूक्ष्मदर्शिभिः ॥ [काठकोप०]

આ આત્મા બ્રહ્માથી સ્તંભપર્યંત સર્વ ભૂતો વિષે અવિદ્યાથી ઢંકાયલો હોઇને તે સંસ્કાર રહિત બુદ્ધિવાળા જીવને આત્મપણા વડે પ્રતીત થતો નથી; એકાગ્રતાવાળી સૂક્ષ્મ બુદ્ધિવડે સૂક્ષ્મ દર્શિઓથી તો દેખાય છે. અર્થાત્ તત્વદર્શિઓએ ગુરૂ ઉપદિષ્ટ મહાવાકય જન્ય સૂક્ષ્મ પદાર્થ ગ્રહણ કરવાના સામર્થ્યવાળી નિશ્ચયાત્મિક બુદ્ધિવડે તે આત્મા પ્રત્યક્ રૂપથી સાક્ષાત્ અનુભવાય છે.

(૭૦) यतश्चोदेति सूर्योऽस्तं यत्र च गच्छति । तं देवाः सर्वे अर्पितास्तदु नात्येति कश्चन । एतद्वै तत् ॥ [काठकोपनिषत्०]

જેમાંથી સૂર્ય ઉદય થાય છે, અને જેમાં સૂર્ય અસ્ત પામે છે; તેમાં સર્વે દેવતાઓ પ્રવેશ પામેલા છે, તે સર્વરૂપ બ્રહ્મને કોઇ પણ ઉલ્લંઘતો નથી આજ તે બ્રહ્મ છે.

(૭૧) दिव्यो ह्यमूर्त्तः पुरुषः सबाह्याभ्यन्तरो ह्यजः । अप्राणो ह्यमनाः शुभ्रो ह्यक्षरात्परतः परः ॥ [मुण्डकोपनिषत्०]

જે પ્રકાશમાન્, આકાર રહિત, સર્વત્ર પૂર્ણ, બાહ્યાભ્યંતર સહિત, અજન્મા, પ્રાણરહિત, મનરહિત, શુદ્ધ અને શ્રેષ્ટ અક્ષર (અવ્યાકૃત) થી ઉત્કૃષ્ટ છે; તે બ્રહ્મ છે.

(૭૨) ब्रह्मैवेदममृतं पुरस्ताद्ब्रह्म पश्चाद्ब्रह्म दक्षिणतश्चोत्तरेण । अधश्चोर्ध्वं च प्रसृतं ब्रह्मैवेदं विश्वमिदं वरिष्ठम् ॥

[मुण्ड० उप०]

જે આ સન્મુખ (આગળ) છે, તે અમૃતરૂપ બ્રહ્મજ છે; પાછળ બ્રહ્મ છે; દક્ષિણ ભણી, ઉત્તર ભણી, ઊંચે, નીચે, તથા પ્રસરેલું બ્રહ્મજ છે; આ દશ્યમાન્ સર્વ જગત્ શ્રેષ્ઠતમ બ્રહ્મ સ્વરૂપજ છે.

(૭૩) यतो वाचो निवर्तन्ते । अप्राप्यमनसा सह । आनन्दं ब्रह्मणो विद्वान्न बिभेति कुतश्चनेति ॥ [तैत्तिरीयोपनिषत्०]

જે સ્વપ્રકાશ પરંબ્રહ્મથી મન સહિત વાણીઓ નહિં પ્રાપ્ત થઇને પાછી ફરે છે; અર્થાત્ તે પરંબ્રહ્મને પ્રકાશ નહિં કરીને સ્વશક્તિહીન થાય છે. તે બ્રહ્મના આનંદને જાણનાર કોઇથી પણ ભય પામતો નથી. ઇતિ.

(૭૪) विश्वतश्चक्षुरुत विश्वतो मुखो विश्वतो बाहु रुत विश्वतस्पात् । सं बाहुभ्यां धमति सं पतत्रैर्द्यावा भूमी जनयन्देव एकः ॥ [श्वे० उ० अ० ३]

સર્વ ભણી ચક્ષુવાળા, સર્વ ભણી મુખવાળા, સર્વ ભણી હાથવાળા, અને સર્વ ભણી પગવાળા પરમાત્મા મનુષ્યોને હાથોની સાથે જોડે છે; અને પક્ષિઓને પાંખોની સાથે જોડે છે. તે એક પરમાત્મ દેવ સ્વર્ગ તથા પૃથ્વીને રચતા હવા.

(૭૫) वेदाहमेतं पुरुषं महान्तमादित्यवर्णं तमसः परस्तात् । त-
मेव विदित्वाऽति मृत्युमेति नान्यः पंथा विद्यतेऽयनाय ॥
[श्वे० उ० अ० ३]

મહાન્ સૂર્યસમાન વર્ણવાળા (સ્વયંપ્રકાશ સ્વરૂપ), અજ્ઞાનથી પર, આ પરમાત્મ પુરૂષને હું જાણું છું. તે પરમાત્માનેજ જાણીને ઉત્તમ અધિકારી જીવ મૃત્યુંને ઉલ્લંઘન કરે છે. કૈવલ્યપદની પ્રાપ્તિને માટે આત્માના અભેદ જ્ઞાન વિના અન્ય સાધન વિદ્યમાન નથી.

(૭૬) यस्मात्परं नापरमस्ति किञ्चिद्यस्मान्नाणीयो न ज्यायोऽ-
स्ति कश्चित् । वृक्ष इव स्तब्धो दिवि तिष्ठत्येक स्तेनेदं पूर्णं
पुरुषेण सर्वम् ॥ [श्वेता० उप० अ० ३]

જે પરમાત્માથી અન્ય કોઇ ઉત્કૃષ્ટ નથી, જે પરમાત્માથી કોઈ સૂક્ષ્મતર નથી, તેમ જે પરમાત્માથી કોઇ મહત્તર નથી; જે એક અદ્વિતીય પરમાત્મા સ્વમહિમામાં (સ્વસ્વરૂપમાં) વૃક્ષની પેઠે અચળ રહે છે, તે પરમાત્મ પુરૂષ વડે આ સર્વ જગત્ પૂર્ણ (વ્યાપ્ત) છે.

(૭૭) महान्प्रभुर्वै पुरुषः सत्त्वस्यैष प्रवर्तकः । सुनिर्मलामिमां
प्राप्तिमीशानो ज्योतिरव्ययः ॥ [श्वेता० उप० अ० ३]

પ્રસિદ્ધ પરમાત્મ પુરૂષ મહાન્, અને પ્રભુ (જગતની ઉત્પત્તિ, સ્થિતિ, અને લય કરવામાં સમર્થ) છે. આ પરમાત્મા આ સ્વાત્મનિષ્ઠારૂપ અત્યંત નિર્મલપ્રાપ્તિ પ્રતિ અંતઃકરણની પ્રવૃત્તિ કરાવનારા, નિયંતા, જ્યોતિ સ્વરૂપ અને અવિનાશી છે,

(૭૮) सहस्रशीर्षा पुरुषः सहस्राक्षः सहस्र पात् । स भूमिं विश्व-
तो वृत्वाऽत्यतिष्ठद्दशाङ्गुलम् ॥ [श्वेता० उप० अ० ३]

પરમાત્મા સહસ્ર (અનંત) મસ્તકવાળા, સહસ્ર નેત્રવાળા, અને સહસ્ર (અનંત) પગવાળા છે. તે આત્મપુરૂષ ભુવનને સર્વ ભણીથી અંતર બાહ્ય વ્યાપીને દશાંગુલ (અનંત) અધિક રહે છે.

(૭૯) अपाणिपादो जवनो ग्रहीता पश्यत्यचक्षुः स शृणोत्यकर्णः
। स वेत्ति वेद्यं न च तस्यास्ति वेत्ता तमाहुरग्र्यं पुरुषं म-
हान्तम् ॥ [श्वेता० उप० अ० ३]

તે પરમાત્મા હાથ પગ રહિત છતાં દૂર ગમન કરનાર. તથા સર્વનું ગ્રહણ કરનાર છે. તે ચક્ષુ રહિત છતાં સર્વ જુએ છે. તે શ્રોત્ર રહિત છતાં શ્રવણ કરે છે. તે મન રહિત છતાં સર્વ જાણવા યોગ્યને જાણે છે, પણ તેનો જાણનાર કોઇ નથી. તેને તત્ત્વદર્શિમહાત્માઓ સર્વનું કારણ હોવાથી પ્રથમ, સર્વત્ર પૂર્ણ હોવાથી પુરૂષ, અને દેશ, કાલ તથા વસ્તુના પરિચ્છેદથીશૂન્ય હોવાથી મહાન્ કહે છે.

(૮૦) एतस्य वा अक्षरस्य प्रशासने गार्गि प्राच्योऽन्या नद्यः स्यन्दन्ते श्वेतेभ्यः पर्वतेभ्यः प्रतीच्योऽन्या यां यां च दिशमनु ॥ [बृह० उप० अ० ३ ब्रा० ८]

હે ગાર્ગિ! પ્રસિદ્ધ આ અવિનાશી પુરૂષની આજ્ઞામાં પૂર્વ ભણીની અન્ય ગંગા આદિ નદીઓ શ્વેત હિમાલયાદિ પર્વતમાંથી વહે છે; તથા પશ્ચિમ ભણીની નર્મદા આદિ નદીઓ વહે છે; અને બીજી જે જે નદીઓ જે જે દિશા ભણી પ્રવૃત્ત થએલી છે, તે અક્ષર પુરૂષની આજ્ઞાથી આજ સુધી પણ તેમજ પ્રવર્તે છે.

(૮૧) एकधैवानुद्रष्टव्यमेतदप्रमेयं ध्रुवम् । विरजः पर आकाशादज आत्मा महान् ध्रुवः ॥

[बृह० उप० अ० ४ ब्रा० ४ मं० २०]

બ્રહ્મ એક પ્રકારેજ શ્રવણાદિવડે સાક્ષાત્ કરવા યોગ્ય છે; તેથી આ બ્રહ્મ અપ્રમેય તથા અચળ છે. પરમાત્મા મલથી રહિત, આકાશથી ભિન્ન, અજન્મા, આત્મસ્વરૂપ, મહાન્ અને અવિનાશી છે.

(૮૨) एषाऽस्य परमा गतिरेषाऽस्य परमा संपदेषोऽस्य परमो लोक एषोऽस्य परम आनन्द एतस्यैवाऽऽनन्दस्यान्यानि भूतानि मात्रामुपजीवन्ति ॥ [बृह०उप०अ० ४ ब्रा० ३]

આ આત્માની આ પરમ ગતિ છે, આની આ ઉત્કૃષ્ટ વિભૂતિ છે; આનો આ ઉત્કૃષ્ટ સ્વયંજ્યોતિ સ્વભાવ છે, આનો આ નિરતિશય આનંદ છે આ આત્માનાજ આનંદના લેશનો અન્ય ભૂતો ઉપભોગ કરે છે.

(૮૩) स वा एष शुद्धः पूतः शान्तोऽप्राणोऽनीशात्माऽनन्तोऽक्षयः स्थिरः शाश्वतोऽजः स्वतंत्रः स्वेमहिम्नि तिष्ठति ॥

[मैत्रायण्युपनिषत्०]

તે આ પ્રસિદ્ધજ આત્મા શુદ્ધ, પવિત્ર, શાન્ત, અપ્રાણ, નિયંતા રહિત, અનંત, ક્ષય રહિત, સ્થિર, શાશ્વત, અજન્મા અને સ્વતંત્ર છે; તે પોતાના મહિમામાં (સ્વરૂપમાં) સ્થિત છે.

(૮૪) स वा एष शुद्धः स्थिरोऽचलश्चालेपोऽव्यग्रो निस्पृहः प्रेक्षकवदवस्थितः ॥ [मैत्रायण्युपनिषत्]

તે આ પ્રસિદ્ધજ આત્મા શુદ્ધ, જવા આવવાના સ્વભાવથી શૂન્ય, ક્રિયા રહિત, ધર્માધર્મ અને તેના ફળના લેપથી શૂન્ય, વ્યગ્રતા રહિત, નિસ્પૃહ, અને ઉદાસીનની પેઠે સ્થિત છે.

(૮૫) यः सर्वेषु भूतेषु तिष्ठन्सर्वेभ्यो भूतेभ्योऽन्तरो य ९ सर्वाणि भूतानि न विदुर्यस्य सर्वाणि भूतानि शरीरं यः सर्वाणि भूतान्यन्तरो यमयत्येष त आत्मान्तर्याम्यमृतः ॥

[बृह० उप० अ० ३ ब्रा० ७ मं० १५]

જે સર્વે ભૂતોમાં રહેતો છતાં સર્વે ભૂતોથી અંતર છે, જેને સર્વે ભૂતો જાણતાં નથી, જેનું સર્વે ભૂત પ્રાણિઓ શરીર છે, જે અંતર રહીને સર્વે ભૂત પ્રાણિઓને પોતાના વ્યાપારમાં જોડે છે; એ તારો આત્મા અંતર્યામી અવિનાશી છે.

(૮૬) यच्च स्वभावं पचति विश्वयोनिः पाच्यांश्च सर्वान्परिणामयेद्यः । सर्वमेतद्विश्वमधितिष्ठत्येको गुणांश्च सर्वान्विनियोजयेद्यः ॥ [श्वेता० उप० अ० ५]

જે વિશ્વકારણ પરમેશ્વર પદાર્થમાં પદાર્થના સ્વાભાવિક ધર્મને નિર્માણ કરે છે, તથા જે પરિણામ પામવા યોગ્ય સર્વને પરિણામ પમાડે છે, અને જે સર્વ ગુણોને યથાયોગ્ય યોજે છે, તથા જે એક પરમાત્માજ આ સર્વ જગતને નિયમમાં રાખે છે; (तद्वेद गुह्योपनिषत्सु गूढम् ॥) તે પરમાત્મતત્ત્વ વેદોના રહસ્યરૂપ ઉપનિષદોમાં ગુપ્ત રૂપે સ્થિત છે.

(૮૭) स्वभावमेके कवयो वदन्ति कालं तथाऽन्ये परिमुह्यमानाः । देवस्यैष महिमा तु लोके येनेदं भ्राम्यते ब्रह्मचक्रम् ॥

(श्व० उ० अ० ६)

કોઇ મોહ પામેલા બુદ્ધિહીન લૌકિક પંડિતો જગતનું કારણ સ્વ-

ભાવને કહે છે, અને બીજા વિવેક રહિત જનો જગતનું કારણ કાલને કહે છે; પરંતુ વસ્તુતાએ સંસારમાં આ અવિદ્યારૂપ મહિમા દેવનો (ઇશ્વરનો) જ છે, જે અવિદ્યારૂપ મહિમાવડે આ સંસારચક્ર ભ્રમણ કરે છે.

(૮૮) यथाऽग्नेः क्षुद्रा विस्फुलिङ्गा व्युच्चरन्त्येवमेवास्मादात्मनः सर्वे प्राणाः सर्वे लोकाः सर्वे देवाः सर्वाणि भूतानि व्युच्चरन्ति ॥ [बृह० उप० अ० २ ब्रा० १]

જેમ અગ્નિથી અલ્પ તણખાઓ વિવિધ રીતે ઉડે છે; તેમજ આ આત્માથી સર્વે પ્રાણો–ઇંદ્રિયો, સર્વે લોકો, સર્વે દેવતાઓ અને સર્વે ભૂત પ્રાણિઓ ઉત્પન્ન થાય છે.

(૮૯) आदिः स संयोगनिमित्तहेतुः परस्त्रिकालादकलोऽपि दृष्टः । तं विश्वरूपं भवभूतमीड्यं देवं स्वचित्तस्थमुपास्य पूर्वम् [श्वेता० उप० अ० ६]

તે પરમાત્મા આદિ (કારણ વિહિન), સર્વ સંયોગનું નિમિત્ત કારણ, ત્રણે કાલથી ઉત્કૃષ્ટ, અને પ્રાણાદિ કલા રહિત છતાં પણ તત્વદર્શિઓએ તેને સાક્ષાત્ કરેલો છે; તે સર્વરૂપ, સંસારસ્વરૂપ, સ્તુતિ કરવા યોગ્ય, તથા પોતાના ચિત્તમાં રહેલા દેવને પૂર્વે ઉપાસીને ચિત્તની એકાગ્રતાને સંપાદન કરે.

(૯૦) स वृक्षकालाकृतिभिः परोऽन्यो यस्मात्प्रपञ्चः परिवर्ततेऽयम् । धर्मावहं पापनुदं भगेशं ज्ञात्वाऽऽत्मस्थममृतं विश्वधाम ॥ [श्वेता० उप० अ० ६]

તે પરમાત્મા સંસારરૂપ વૃક્ષથી, ભૂતાદિ વ્યવહારના આલંબનરૂપ કાલથી, અને અવિદ્યાથી ઉત્કૃષ્ટ તથા ભિન્ન છે; જેમાંથી આ ભૂત ભૌતિકરૂપ પ્રપંચ વારંવાર ઉત્પન્ન થાય છે. તે સ્વભક્તો પ્રતિ ધર્મોને લાવનાર ભક્તોનાં પાપોનો વિનાશ કરનાર, ઐશ્વર્યના નિયંતા, બુદ્ધિવિષે સ્થિત, મરણ ધર્મરહિત, અને વિશ્વના આધારભૂત ઇશ્વરને જાણીને પુરૂષ સંસારબંધનથી મુક્ત થાય છે.

(૯૧) यथोर्णनाभिः सृजते गृह्णते च यथा पृथिव्यामोषधयः संभवन्ति । यथा सतः पुरुषात्केशलोमानि तथाऽक्षरात्संभवतीह विश्वम् ॥ [मुण्ड० उप०]

જેમ કરોળીઓ તંતુઓને સૃજે છે, અને ગ્રહણ કરે છે; જેમ પૃથ્વીમાં ઓષધીઓ ઉત્પન્ન થાય છે; જેમ વિદ્યમાન પુરૂષથી કેશ અને રૂવાડાં ઉત્પન્ન થાય છે; તેમ અવિનાશી પૂર્ણબ્રહ્મથી આ સંસારમંડળમાં સર્વ જગત્ ઉત્પન્ન થાય છે.

(૯૨) येनाऽऽवृतं नित्यमिदं हि सर्वं ज्ञः कालकारो गुणी सर्वविद्यः । तेनेशितं कर्म विवर्तते ह पृथ्व्याप्यतेजोऽनिलखानि चिन्त्यम् ॥ [श्वेता० उप० अ० ६]

જે ઇશ્વરથી આ પ્રસિદ્ધ જગત્ નિત્ય વ્યાપ્ત છે, જે સર્વને સામાન્ય રીતે જાણનાર, કાલના કર્ત્તા, ગુણી, અને સર્વને વિશેષ રૂપથી જાણનાર છે. તે ઇશ્વરે પ્રેરેલું કર્મ પ્રસિદ્ધ આકાશ, વાયુ, તેજ, જળ, અને પૃથ્વી રૂપે વિવર્ત થાય છે; એમ બુદ્ધિમાનોએ ચિંતન કરવા યોગ્ય છે.

(૯૩) अद्वय एवायमात्मा सन्मात्रो नित्यः शुद्धो बुद्धः सत्यो मुक्तो निरञ्जनो विभुः ॥ [नृसिंहोत्तरतापिन्युपनिषत्०]

આ આત્માજ અદ્વિતીય, સન્માત્ર, નિત્ય, શુદ્ધ, બુદ્ધ, સત્ય, મુક્ત, નિરંજન અને વ્યાપક છે.

(૯૪) नित्यः शुद्धो बुद्धो मुक्तस्वभावः सत्यः सूक्ष्मः संविभुश्चाद्वितीयः । आनन्दाब्धिर्यः परः सोऽहमस्मि ॥

[मैत्रेय्युपनिषत्०]

જે આત્મા નિત્ય, શુદ્ધ, બુદ્ધ, તથા સ્વભાવથી મુક્ત, સત્ય, સૂક્ષ્મ સમ્યક્ વ્યાપક, અદ્વિતીય, અને ઉત્કૃષ્ટ આનંદનો સમુદ્ર છે; તે હું છું.

(૯૫) तमात्मानमुपासीताजरममृतमभयमशोकमनन्तम् । एष सर्वज्ञ एष सर्वेश्वर एष सर्वाधिपतिरेषोऽन्तर्याम्येष योनिः सर्वस्य ॥ [सुबालोपनिषत्०]

તે અજર, અવિનાશી, અભય, શોકવિહીન, અને અનંત આત્માને ઉપાસવો. આ આત્મા સર્વજ્ઞ છે, આ આત્મા સર્વનો ઇશ્વર છે, આ સર્વનો અધિપતિ છે, અને આ આત્મા સર્વનો અંતર્યામી છે, તથા આ સર્વનું કારણ છે.

(૯૬) य एवं निर्बीजं वेद निर्बीज एव स भवति । न जायते न

म्रियते न मुह्यते न भिद्यते न दह्यते । न छिद्यते न कंपते न कुप्यते ॥ [सुबालोपनिषत्०]

જે નિર્બીજ આત્માને જાણે છે, તે નિર્બીજ થાય છે. તે આત્મા જન્મતો નથી, મરતો નથી, મોહ પામતો નથી, ભેદાતો નથી, દાહ પામતો નથી, છેદાતો નથી, કંપતો નથી, અને કોપ પણ કરતો નથી.

(९७) ततः परतरं शुद्धं व्यापकं निर्मलं शिवम् ॥ सदोदितं परं ब्रह्म ज्योतिषामुदयो यतः ॥ [नादबिन्दूपनिषत्०]

આત્મા કલાઓથી ઉત્કૃષ્ટતર, શુદ્ધ, વ્યાપક, મલ રહિત, કલ્યાણ સ્વરૂપ, સર્વદા પ્રકાશસ્વરૂપ, અને પરંબ્રહ્મ સ્વરૂપ છે. જે પરંબ્રહ્મમાંથી સૂર્યાદિ જ્યોતિઓનો ઉદય થાય છે.

(९८) एक एव शिवो नित्यस्ततोऽन्यत्सकलं मृषा ॥ [शरभोपनिषत्०]

એકજ શિવ નિત્ય અવિનાશી છે. તે શિવથી ભિન્ન સર્વ મિથ્યા છે.

(९९) कालत्रयाबाधितं ब्रह्म । सर्वकालाबाधितं ब्रह्म । सगुण निर्गुण स्वरूपं ब्रह्म । आदिमध्यान्तशून्यं ब्रह्म । सर्वं खल्विदं ब्रह्म । मायातीतगुणातीतं ब्रह्म । अनन्तमप्रमेयाखण्डपरिपूर्णं ब्रह्म ॥ [त्रिपाद्विभूतिमहानारायणोपनिषत्०]

ત્રણ કાલથી અબાધિત બ્રહ્મ છે, સર્વ કાલવડે અબાધિત બ્રહ્મ છે, સગુણ અને નિર્ગુણ બંને સ્વરૂપ બ્રહ્મ છે; આદિ, મધ્ય, અને અંત રહિત બ્રહ્મ છે, આ સર્વ નિશ્ચય બ્રહ્મ છે, માયાથી રહિત અને ગુણોથી રહિત બ્રહ્મ છે; બ્રહ્મ અનંત, અપ્રમેય, અખંડ અને પરિપૂર્ણ છે.

(१००) अद्वितीय परमानन्द शुद्ध बुद्ध मुक्त सत्यस्वरूप व्यापकाभिन्नापरिच्छिन्नं ब्रह्म । सच्चिदानन्द स्वप्रकाशं ब्रह्म । मनोवाचामगोचरं ब्रह्म । अखिलप्रमाणागोचरं ब्रह्म । अमितवेदान्तवेद्यं ब्रह्म । देशतः कालतो वस्तुतः परिच्छेदरहितं ब्रह्म । सर्वपरिपूर्णं ब्रह्म । तुरीयं निराकारमेकं ब्रह्म । अद्वैतमनिर्वाच्यं ब्रह्म । प्रणवाऽऽत्मकं ब्रह्म ॥

[त्रिपाद्विभूतिमहानारायणोपनिषत्०]

બ્રહ્મ અદ્વિતીય, પરમઆનંદસ્વરૂપ, શુદ્ધ, બુદ્ધ, મુક્ત, સત્યસ્વરૂપ, વ્યાપક, અભિન્ન, અને અપરિચ્છિન્ન છે. બ્રહ્મ સચ્ચિદાનંદ સ્વરૂપ, અને સ્વયંપ્રકાશ છે. બ્રહ્મ મન વાણીનો અવિષય છે. બ્રહ્મ સમગ્ર પ્રમાણોનો અવિષય છે. બ્રહ્મ માપરહિત એવા વેદાન્ત શાસ્ત્રવડે જાણવા યોગ્ય છે. બ્રહ્મ, દેશ, કાલ અને વસ્તુથી અપરિચ્છિન્ન છે. સર્વમાં પરિપૂર્ણ બ્રહ્મ છે. બ્રહ્મ તુરીય સ્વરૂપ, નિરાકાર અને એક છે, બ્રહ્મ અદ્વૈત અને અનિર્વાચ્ય છે " પ્રણવ (ૐ કાર) સ્વરૂપ બ્રહ્મ છે.

(१०१) एषोऽनन्तोऽव्यक्त आत्मा सोऽविमुक्ते प्रतिष्ठित इति ॥

[श्रीरामोत्तरतापिन्युपनिषत्०]

આ અંતરહિત અને અવ્યક્ત આત્મા છે, તે અવિમુક્ત ક્ષેત્રમાં સ્થિત છે.

(१०२) यदेकमद्वितीयम् । आकाशवत्सर्वगतं सुसूक्ष्मं निरञ्जनं निष्क्रियं सन्मात्रं चिदानन्दैकरसं शिवं प्रशांतममृतं तत्परं च ब्रह्म ॥ [शाण्डिल्योपनिषत्०]

જે એક, અદ્વિતીય, આકાશની પેઠે સર્વવ્યાપક, અત્યંત સૂક્ષ્મ નિરંજન, ક્રિયારહિત, સન્માત્ર, ચિદાનંદૈકરસ, કલ્યાણસ્વરૂપ, પ્રશાંત, અને અવિનાશી છે; તે પરંબ્રહ્મ છે.

(१०३) यस्मिन्विज्ञाते सर्वमिदं विज्ञातं भवति । तदपाणिपादमचक्षुःश्रोत्रमजिह्वमशरीरमग्राह्यमनिर्देश्यम् । यतो वाचो निवर्तन्ते अप्राप्य मनसा सह । यत्केवलं ज्ञानगम्यम् ॥

[शाण्डि० उप०].

જે આત્માનું જ્ઞાન થયે સતે આ સર્વ વિજ્ઞાત થાય છે, તે આત્મા હાથ પગ રહિત, ચક્ષુ રહિત, કર્ણ રહિત, જિહ્વા રહિત, શરીરરહિત, અગ્રાહ્ય, અને અનિર્દેશ્ય છે. જે બ્રહ્મથી મન સહિત વાણીઓ નહિં પ્રાપ્ત થઇને પાછી ફરે છે. જે કેવળ જ્ઞાનવડેજ પ્રાપ્ત થાય છે; તે પરંબ્રહ્મ છે.

(१०४) आधारं सर्वभूतानामनाधारमनामयम् । अप्रमाणमनिर्देश्यमप्रमेयमतीन्द्रियम् ॥ निष्कलं निर्गुणं शान्तं निर्विकारं निराश्रयम् । निर्लेपकं निरापायं कूटस्थमचलं ध्रुवम् ॥

[योगशिखोपनिषत्०]

પરમાત્મ તત્ત્વ, સર્વ ભૂતોના આધારભૂત, જેને કોઇનો આધાર નથી એવું, રોગાદિ ઉપદ્રવ શૂન્ય, અપ્રમાણ, અનિર્દેશ્ય, અપ્રમેય, ઇંદ્રિય અ-ગોચર, અવયવ રહિત, નિર્ગુણ, શાંત, નિર્વિકાર, આશ્રયશૂન્ય, નિર્લેપ, નાશ રહિત, કૂટસ્થ, અચળ, અને ધ્રુવ છે.

(१०५) यो देवो अग्नौ यो अप्सु यो विश्वं भुवनमाविवेश ।
य ओषधीषु यो वनस्पतिषु तस्मै देवाय नमो नमः ॥
[श्वेता० उप० अ० २]

જે દેવ અગ્નિમાં છે, જે જળમાં છે, જે સમગ્ર ભુવનોપ્રતિ પ્રવેશ પામેલા છે; જે ઓષધીઓમાં છે, જે વનસ્પતિઓમાં છે; તે દેવને અર્થે પુનઃ પુનઃ નમસ્કાર છે.

(१०६) य एकोऽवर्णो बहुधा शक्तियोगाद्वर्णाननेकान्निहितार्थो दधाति । विचैति चान्ते विश्वमादौ स देवः स नो बुद्ध्या शुभया संयुनक्तु ॥ [श्वेता० उप० अ० ४]

જે એક પરમાત્મા જાતિરહિત છતાં પોતાની બહુ પ્રકારની શક્તિના યોગથી અનેક પ્રકારની જાતિઓને પ્રથમ સ્વાર્થ વિના રચે છે; અને પ્રલયકાલે જેમાં વિશ્વ જાય છે. તે દીપ્તિમાન્ છે; તે પરમાત્મા અ-મને શુભ બુદ્ધિની સાથે જોડો.

(१०७) अजात इत्येवं कश्चिद्भीरुः प्रपद्यते । रुद्र यत्ते दक्षिणं मुखं तेन मां पाहि नित्यम् ॥ [श्वेता० उप० अ० ४]

એ પ્રકારે આપ જન્મ રહિત છો, તેથી જન્માદિ યુક્ત ભયંકર સંસાર સાગરથી ભય પામેલો મારા જેવો કોઇ આપનું શરણ ગ્રહણ કરે છે. હે અવિદ્યા નાશક ! જે આપનું આહ્લાદકર મુખ છે, તે વડે આપ મારૂં સર્વદા રક્ષણ કરો.

(१०८) यत्परंब्रह्म सर्वात्मा विश्वस्यायतनं महत् । सूक्ष्मात्सूक्ष्मतरं नित्यं तत्त्वमेव त्वमेव तत् ॥ [कैवल्योपनिषत्०]

જે પરંબ્રહ્મ સર્વના આત્મારૂપ, વિશ્વના આધારભૂત, મહાન્, અણુથી અતિશય અણુ, અને અવિનાશી છે. તે પરબ્રહ્મ તુંજ છે; અવિદ્યાથી તું કર્તા ભોક્તા છે, પણ વસ્તુતઃ તું તે પરબ્રહ્મજ છે.

(१०९) " प्रज्ञानं ब्रह्म " ॥ [ऋग्वेदीय ऐतरेयोपनिषत्०]

वृत्ति ઉપલક્ષિત જે કૂટસ્થ ચૈતન્ય છે તે પ્રજ્ઞાન કહેવાય છે. તે પ્રજ્ઞાન બ્રહ્મસ્વરૂપ છે.

"अहं ब्रह्मास्मि" ॥ [यजुर्वेदीय बृहदारण्यकोपनिषत्०]

હું બ્રહ્મ સ્વરૂપ છું.

"तत्त्वमसि" ॥ [सामवेदीय छान्दोग्योपनिषत्०]

તે પરમાત્મા તું છે.

"अयमात्मा ब्रह्म"॥ [अथर्वणवेदीय माण्डूक्योपनिषत्०]

આ આત્મા બ્રહ્મસ્વરૂપ છે.

॥ प्रार्थना ॥

ॐ सहनाववतु । सह नौ भुनक्तु । सह वीर्यं करवावहै । तेजस्वि नावधीतमस्तु । मा विद्विषावहै ॥

ॐ शान्तिः शान्तिः शान्तिः ॥

વેદોના રહસ્યરૂપ ઉપનિષદ્‌માં જણાવેલા જે પરમેશ્વર છે, તે પ્રસિદ્ધ પરમેશ્વર અમારૂં બંનેનું (આચાર્ય શિષ્યનું) પાલન કરો; અર્થાત્ તે પ્રસિદ્ધ પરમાત્મા વિદ્યાના સ્વરૂપના પ્રકાશવડે એટલે વિદ્યાના ઉપદેશના સામર્થ્યથી તથા વિદ્યાના ગ્રહણના સામર્થ્યથી અમારૂં—આચાર્ય શિષ્ય બંનેનું રક્ષણ કરો. વળી તેજ પરમેશ્વર અમને-આચાર્ય શિષ્યને વિદ્યાફળ ધારણ કરો; અર્થાત્ તે પરમેશ્વર અમારા—આચાર્ય શિષ્યના હૃદયમાં બ્રહ્મવિદ્યાના ફળને ધારણ કરો. અમો—શિષ્ય આચાર્ય બન્નો પરસ્પર મળીને વીર્યને એટલે વિદ્યાકૃત સામર્થ્યને સંપાદન કરીએ. અમે આચાર્ય શિષ્ય બન્નેએ જે અધ્યયન કરેલું છે, તે અધ્યયન અતિશય સામર્થ્ય-વાળું થાઓ; અથવા વીર્યવાન્ અમો બંને આચાર્ય શિષ્યનું અધ્યયન સફલ એટલે અર્થજ્ઞાન યોગ્ય થાઓ. અમે આચાર્ય શિષ્ય એ પ્રમાદકૃત અન્યાયવડે પરસ્પર દ્વેષ સંપાદન ન કરીએ. "ॐ" શબ્દ પરમાત્માનો વાચક છે, એટલે મંગળ અર્થે છે. "शान्तिः" એ પદના ત્રણ વાર ઉચ્ચારણથી અધ્યાત્માદિ ત્રિવિધ તાપોની નિવૃતિ કરવા માટે પરમ કૃપાળુ પરમેશ્વર પ્રતિ પ્રાર્થના છે. ઇતિ શિવમ્. * * * * * * * * ॥

॥ इति श्री ईश्वरस्वरूप वर्णनमाला ॥

યક્ષ સ્વરૂપ, જટાધારી, પિનાક ધનુષ્ય હાથમાં ધારણ કરેલું છે એવા, સનાતન (અનાદિ), દિવ્ય સ્વરૂપ, દિગંબર દેવ, તથા યકાર સ્વરૂપ શિવ તમો મારો નમસ્કાર હો. ૫.

पञ्चाक्षरमिदं पुण्यं यः पठेच्छिव सन्निधौ ।
शिवलोकमवाप्नोति शिवेन सह मोदते ॥ ६ ॥

આ પુણ્ય સ્વરૂપ "ॐ **नमःशिवाय**" પંચાક્ષર મંત્ર જે મનુષ્ય મહાદેવજીની સમીપમાં પઠન કરે, તે શિવલોક (કૈલાસ)ને પામે છે; અને શિવજીની સાથે આનંદ પામે છે.

॥ इति श्री शिव पञ्चाक्षरस्तोत्रं सम्पूर्णम् ॥

॥ शुद्धिपत्रम् ॥

पृष्टम्.	पंक्ति.	अशुद्धम्.	शुद्धम्.
३	५	ઉપાધ.	ઉપાધિ.
,,	१७	અવિધા.	અવિદ્યા.
७	१६	ગ્નાનનું.	જ્ઞાનનું.
१०	१५	प्रयन्त्यंभि.	प्रयन्त्यभि.
१३	२२	શરીરા.	શરીર.
१४	१६	શ્રોત્રા.	શ્રોત્રા.
१५	८	वर्जितो.	वार्जितो.
१८	३०	લે.	કાલે.
२०	२८	જે.	અર્થાત્ જે
२१	४	ધનદિ.	ધનાદિ.
,,	८	चिन रूपं.	चिन्त्यरूपं.
२२	१६	પાતાની.	પોતાની.
२४	१	હનિશસ.	હર્નિશ સમ્યક્.
२'	२	ાન્.	માન્.
	२४	ને.	તે.
	५	શ્રેષ્ટ.	શ્રેઠ.
	८	નિરપૃહ.	નિસ્પૃહ.

॥ आत्मारामनी आरती. ॥

જયદેવ જયદેવ, જય સચ્ચિત્સ્વામી; પ્રભુ જય સચ્ચિત્૦;
ગંગા યમુના સરસ્વતી (૨), સંગમે બહુ નામી;—

ૐ જયદેવ જય મહાદેવ. ૧

શિવોહં મુક્તોહં, પૂર્ણોહં બુદ્ધ; ઋષિ પૂર્ણોહં૦;
સ્ફટિક જ્યોતિ પ્રકાશ (૨), પ્રકટ થયો શુદ્ધ;—

ૐ જયદેવ જય મહાદેવ. ૨

ત્રિવેણી સંધિ દેશ, ધ્યાન ધરે યોગી; ઋષિ ધ્યાન૦;
મનવાંચ્છિત ફળ પામે (૨), સ્વાત્મ સ્વરૂપ ભોગી;—

ૐ જયદેવ જય મહાદેવ. ૩

ષટ ચક્રોનાં સ્થાન, હંસઃજાય ભેદી; ઋષિ હંસઃ૦;
વસે ગગન મંડળ (૨), મન કરી કેદી;—

ૐ જયદેવ જય મહાદેવ. ૪

બ્રહ્મોવાહં થાય, શાંતિ સ્થળ પામી; ઋષિ શાંતિ૦;
સચ્ચિદાનંદ અવિનાશ (૨), પ્રભુ અંતર યામી;—

ૐ જયદેવ જય મહાદેવ. ૫

આત્મારામની આરતી, અંતરમાં કરજો; ઋષિ અંતર૦;
બુદ્ધિમનને પ્રાણ (૨), સમર્પણ કરજો;—

ૐ જયદેવ જય મહાદેવ. ૬

નથી જન્મ મરણનો ભય, કાળ તણો જેમાં; ઋષિ કાળ૦;
જગન્નાથ પ્રભુ શંકર (૨), બ્રહ્મ ઋષિ તેમાં;—

ૐ જયદેવ જય મહાદેવ.